પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News
RNI NO:- 67073/97
વર્ષઃ૨૬, અંકઃ૬૯, કુલ પાનાઃ૪, તારીખઃ ૧૩-૧૧-૨૦૨૧ શનિવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 25, ISSUE : 69 PRICE :-RS. 1.50 DATE : 13-11-2021
EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)
Whatsapp No.9712880678
પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## રાજ્યમાં તહેવારો બાદ ૪૦ કેસ આવ્યા ના આરોગ્યમંત્રીના નિવેદન થી ત્રીજી લહેરનો ભય

અમદાવાદ,

આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે અમદાવાદ જિલ્લાના દસક્રોઈ સ્થિત સિંગરવા ગામથી જિલ્લા કક્ષાના નિરામય ગુજરાત કાર્યક્રમનો શુભારંભ કરાવ્યો હતો. આરોગ્ય મંત્રીએ આ પ્રસંગે જણાવ્યું હતુ કે, આ અભિયાન અંતર્ગત રાજ્યના વિવિધ જિલ્લાઓમાં દર શુક્રવારે હેલ્થ કેમ્પનું આયોજન કરવામાં આવશે. જેમાં વિવિધ ગંભીર પ્રકારના ૮ જેટલા રોગોનું નિદાન કરીને સ્થાનિક સ્તરે અથવા જરૂર જણાતા સિવિલ હોસ્પિટલમાં સારવાર કરાવી



દર્દીઓને ઝડપથી રોગમૂક્ત બનાવવાના સધન પ્રયાસો હાથ ધરવામાં આવશે. દર્દીઓને આપવામાં આવતા નિરામય કાર્ડ અંતર્ગત સ્ક્રીનીંગ થી લઈ સર્જરી સુધીની તમામ સારવાર અને સ્વાસ્થય સેવાઓ દર્દીઓને વિનામૂલ્યે ઉપલબ્ધ કરાવવામાં આવનાર હોવાનું ઉમેર્યુ હતું.દિવાળી પછી શહેરમાં કોરોનાના કેસમાં ઉછાળો આવ્યો છે, જેથી લોકોએ આગામી ૧૫ દિવસ સુધી તકેદારી રાખવાની જરૂર છે. કારણ કે, આગામી ૧૫ દિવસમાં કોવિડના કેસ વધશે તો સંક્રમણ વધી શકે છે, પરંતુ, જો કેસમાં ઉછાળો ન આવે તો થર્ડ વેવમાંથી બહાર નીકળી જવાની શક્યતા છે.સોમનાથ, ગીર, સ્ટેચ્યૂ, રણ સહિત ગુજરાતનાં પ્રવાસન સ્થળો પર ૨૫ લાખથી વધુ લોકો ઊમટ્યા હતા. કચ્છના સફેદ રણ સિવાય હેરિટેજ સાઈટ જાહેર થયેલા ધોળાવીરામાં પણ પ્રવાસીઓ ઊમટી પડ્યા હતા. ગીર જંગલ સફારીમાં ઓનલાઈન બુકિંગ ફુલ થઈ ગયાં હતાં. મોટી સંખ્યામાં લોકોએ સોમનાથ, દ્વારકા, પાવાગઢ, અંબાજી જેવાં જાણીતા મંદિરોમાં દર્શન પણ કર્યાં હતાં. સાપુતારા પણ પ્રવાસીઓમાં ફેવરિટ રહ્યું હતું. ગુજરાત બહારનાં સ્થળોએ પણ ગુજરાતીઓ જ જોવા મળતા હતા. રાજસ્થાન, ગોવા સહિત દેશનાં અનેક સ્થળોએ પ્રવાસીઓમાં ગુજરાતી લોકોની સંખ્યા વધારે હતી.દિવાળી તહેવારો પુરા થતાં જ કોરોના ફરી પ્રસરવા લાગ્યો છે. તહેવારો દરમિયાન બજારોમાં માસ્ક વિના બજારોમાં ભીડ જામી હતી. તેમજ વેકેશન માટે પણ મોટા પ્રમાણમાં ગુજરાતીઓ ગોવાથી લઈ કાશ્મીર સુધી ફરવા ગયા હતા. માત્ર એટલું જ નહી, એસટીમાં રેકોર્ડ બ્રેક બુકિંગ થયું હતું. રાજ્યમાં સ્ટેચ્યુ ઓફ યુનિટીથી લઈને ગીર જેવા પ્રવાસન સ્થળોએ લોકો બેફામ બની ફર્યા હતા. આ બેદરકારીનું ગંભીર પરિણામ હવે સામે આવી રહ્યું છે. રાજ્યમાં હવે દરરોજ ૪૦ જેટલા કોરોનાના કેસો આવવા લાગ્યા છે. આ અંગે નિરામય ગુજરાત અભિયાનનો પ્રારંભ કરાવવા આવેલા રાજ્યના આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, રાજ્યમાં જે રીતે કેસમાં સતત વધારો થઈ રહ્યો છે. ગઈકાલે અને એના એક દિવસ પહેલાં જે કેસો સામે આવ્યા છે, જેમાંથી ૪૦માંથી ૫૦થી ૬૦ ટકા જેટલા કેસો ગુજરાતી બહાર દિવાળી દરમિયાન પ્રવાસ અથવા તો ફરવા ગયા હોય તેવા લોકોનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યા છે. આરોગ્ય વિભાગ દ્વારા આવા તમામ ફરવા ગયા હોય તેવા લોકોનું પણ સર્વેલન્સ કરવાની સૂચના આપવામાં આવી છે. આ ઉપરાંત રાજ્યની ૮ મહાનગર પાલિકામાં સમયમાં ફરીથી બીજી લહેર જેવી સ્થિતિ ઉભી ન થાય તે માટે તમામ આઠ મહાનગર પાલિકાને સર્વેલન્સની કામગીરી ઝડપથી કરવાની કડક સૂચના આપવામાં આવી છે. જેથી આ ઉપરાંત રાજ્યના તમામ મહાનગરપાલિકાના એન્ટ્રી પોઈન્ટ ઉપર ડોમ પણ ઉભો કરવાની સૂચના સાથે આગામી દિવસોમાં તમામ બસ સ્ટેન્ડ અને રેલવે સ્ટેશન ખાતે ટેસ્ટિંગ સુવિધાઓ ઉભી કરવામાં આવશે.

## સૌરાષ્ટ્રમાં કપાસ, મગફળીથી માર્કેટ યાર્ડ ઉભરાયા

મહુવા,

મહુવા માર્કેટીંગ યાર્ડમાં મગફળીની અધધ આવકથી યાર્ડ ઉભરાયું છે.માર્કેટીંગ યાર્ડમાં શીંગની આજે એક જ દિવસમાં ૨૫,૫૯૯ગુણીની એટલે કે અંદાજે ૯ લાખ કીલોની ભારે આવક થવા પામેલ છે.યાર્ડમાં આજે ૧૧,૪૦૦ ગુણીનું વેચાણ થવા પામેલ છે. શીંગનં.૫ રૂ.૧૩૦૬ , ટી. જે. રૂ.૧૦૨૯ અને જી.૨૦ રૂ. ૧૧૫૨ના ભાવે વેચાતા ખેડુતોમાં ભારે ઉત્સાહ ફેલાયો છે.મહુવા યાર્ડમાં મગફળીની આવક વધી ગયેલ



હોવાથી તા.૧૧ ને ગુરૂવારે સવારે ૯ કલાકથી નવી જાહેરાત ન થાય ત્યા સુધી મગફળીની આવકને પ્રવેશબંધી ફરમાવવામાં આવેલ હોવાનું યાર્ડના સેક્રેટરીએ જાહેર કરી જેની ખેડુતભાઈઓ અને કમીશન એજન્ટોને નોંધ લેવા જણાવેલ છે.દિવાળી પછી ભાવનગર, મહુવા અને પાલીતાણાના માર્કેટ યાર્ડો ફરી ધમધમતા થયા છે. ચોમાસાના બે મુખ્ય પાક મગફળી અને કપાસના વેચાણ માટે ખેડૂતોનો ધસારો વધ્યો છે.જો કે મહુવા યાર્ડમાં મગફળીની આવક વધી જતા ગુરૂવારથી મગફળી લાવવા પર પ્રતિબંધ ફરમાવાયો છે. કપાસ અને મગફળી બંનેને વધુ વરસાદના કારણે નુકશાન થયું છે ઉત્પાદન ઓછું આવ્યું છે પરંતુ પ્રમાણ માં ભાવ સારા છે એટલે ખેડૂતનું વર્ષ સરભર થઈ રહ્યું છે. સારા કપાસના બજારમાં આ વખતે રેકોર્ડ બ્રેક એવા ૧૬૦૦થી ૧૭૦૦ના ભાવે વેચાઈ રહ્યો છે તો મગફળી સરકારે ૧૧૧૦ ભાવ નક્કી કર્યા છે પણ ખુલ્લા બજારમાં ૧૨૦૦થી વધુ ભાવે મગફળી વેચાતી હોય યાર્ડમાં ખેડૂતો મગફળી ઓછી વેચશે એવી પણ સંભાવના પાલીતાણા માર્કેટ યાર્ડના સેક્રેટરી પ્રકાશભાઈ પંડ્યાએ વ્યક્ત કરી હતી. મગફળીની ટેકાના ભાવથી ખરીદી સોમવારથી શરૂ થશે.પાલીતાણાના ૩૫૦ જેટલા ખેડૂતોએ રજિસ્ટ્રેશન કર્યું છે પણ ટેકાના ભાવ ૧૧૧૦ સામે બજારમાં ૧૨૦૦ થી ૧૩૦૦ ભાવ હોય યાર્ડમાં આવક ઓછી થવાની સંભાવના રહેલી છે.

## કો-ઓપરેટિવ બેન્કોને RBIની સીમામાં લાવવામાં આવી : મોદી

મુંબઈ,

રિઝર્વ બેક્ક ઈન્ટિગ્રેટેડ ઓમ્બડ્સમેન સ્કીમનો ઉદ્દેશ ફરિયાદ નિવારણ તંત્રમાં વધુ સુધારો લાવવાનો છે. સ્કીમ દ્વારા કેન્દ્રીય બેક્કની રેગ્યુલેટેડ સંસ્થાઓના ગ્રાહકોની ફરિયાદોનું સમાધાન સારી રીતે કરવામાં આવશે. સ્કીમની સેન્ટ્રલ થીમ વન નેશન વન ઓમ્બડ્સમેન પર આધારિત છે. આ અંતર્ગત એક પોર્ટલ, એક ઈ-મેલ અને એક જ એડ્રેસ હશે, જ્યાં ગ્રાહકો પોતાની ફરિયાદો નોંધાવી શકે છે. પોતાની ફરિયાદની સ્થિતિ જાણી શકશે અને ફીડબેક પણ આપી શકશે. મલ્ટી-લિંગલ ટોલ-ફ્રી નંબર પણ આપવામાં આવશે, જેના દ્વારા તમને ફરિયાદોનું સમાધાન કરવા અને ફરિયાદો નોંધાવવા સાથે જોડાયેલી તમામ માહિતી મળી શકશે. આ કાર્યક્રમમાં કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણ અને RBI ગવર્નર શક્તિકાંત દાસ



પણ સામેલ થયાં હતાં.વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શુક્રવારે રિટેલ ડાયરેક્ટ સ્કીમ અને ઈન્ટિગ્રેટેડ ઓમ્બડ્સમેન સ્કીમને વીડિયો-કોન્ફરન્સિંગના માધ્યમથી લોન્ચ કરી છે. RBIની રિટેલ ડાયરેક્ટ સ્કીમથી ગવર્નમેન્ટ સિક્યોરિટીઝમાં રિટેલ પાર્ટિસિપેશન વધશે. બીજી તરફ ઈન્ટિગ્રેટેડ ઓમ્બડ્સમેન સ્કીમનો હેતુ ફરિયાદોને દૂર કરનારી પ્રણાલીમાં વધુ સુધારો લાવવાનો છે. મોદીએ કહ્યું હતું કે આજે બે યોજનાને લોન્ચ કરવામાં આવી છે, એનાથી દેશમાં રોકાણનો વ્યાપ વધશે અને કેપિટલ માર્કેટ્સને એક્સેસ કરવું રોકાણકારો માટે વધુ સરળ થશે. ભારતમાં તમામ ગવર્નમેન્ટ સિક્યોરિટીઝમાં સુરક્ષાની ગેરન્ટી હોય છે, આ કારણે રોકાણકારોને પોતાના રોકાણ પર સુરક્ષાનું આશ્વાસન મળશે. મોદીએ કહ્યું હતું કે ગવર્નમેન્ટ સિક્યોરિટિઝમાં રોકાણ માટે ફન્ડ મેનેજર્સની જરૂર પડશે નહિ. રોકાણકારો ડાયરેક્ટ ગિલ્ટ એકાઉન્ટ ખોલી શકે છે. આ એકાઉન્ટ સેવિંગ એકાઉન્ટ સાથે પણ લિક્ક હશે. તેમણે વધુમાં કહ્યું હતુ કે તમે કલ્પના કરી શકો છો કે એનાથી લોકોને કેટલી સરળતા રહેશે. મોદીએ આ દરમિયાન યુપીએ સરકાર પર પણ નિશાન સાધ્યું છે. તેમણે કહ્યું હતું કે ૨૦૧૪ પહેલાં બેક્કિંગ સિસ્ટમને જે રીતે નુકસાન પહોંચાડવામાં આવ્યું હતું એ અંગે તમે ક્યારેય વિચાર્યું છે. છેલ્લાં ૭ વર્ષમાં NPAને પારદર્શિતાની સાથે રિકોગ્નાઈઝ કરવામાં આવી, રિઝોલ્યુશન અને રિકવરી પર ધ્યાન આપવામાં આવ્યું. પબ્લિક સેક્ટર બેક્કોને રિકેપિટલાઈઝ કરવામાં આવી, ફાઈનાન્શિયલ સિસ્ટમ અને પબ્લિક સેક્ટર બેક્કોમાં એક પછી એક સુધારા કરવામાં આવ્યા. સિસ્ટમ સાથે ચેડા કરનાર માટે વિલફુલ ડિફોલ્ટર્સનું ફન્ડ એકત્રિત કરવાનો રસ્તો બંધ કરવામાં આવ્યો છે. મોદીએ કહ્યું હતું, બેક્કિંગ સેક્ટરને વધુ મજબૂત કરવા માટે કો-ઓપરેટિવ બેક્કોને પણ ઈંબૈની સીમામાં લાવવામાં આવી છે. એનાથી બેક્કોના ગવર્નન્સમાં પણ સુધારો થઈ રહ્યો છે અને જે લાખો ડિપોઝિટર્સ છે તેમની અંદર આ સિસ્ટમ પ્રત્યે વિશ્વાસ મજબૂત થઈ રહ્યો છે. ડિજિટલ ટ્રાન્ઝેક્શન્સ વિશે વાત કરતાં મોદીએ કહ્યું, માત્ર ૭ વર્ષમાં જ ડિજિટલ ટ્રાન્ઝેક્શન્સના મામલામાં ૧૯ ગણો વધારો નોંધાયો છે. આજે ૨૪ કલાક, સાત દિવસ અને ૧૨ મહિના દેશમાં આપણી બેક્કિંગ સિસ્ટમ ચાલુ રહે છે. ફિનટેક સેક્ટરમાં ટેક્નોલોજી ઝડપથી બદલાઈ રહી છે. ફાઈનાન્શિયલ સિસ્ટમને વિશ્વ સ્તરે બનાવવાની જરૂરિયાત છે. હાલ કોઈપણ રિટેલ ઈન્વેસ્ટર ગવર્નમેન્ટ સિક્યોરિટી અને બોન્ડ્સમાં ડાયરેક્ટ રોકાણ કરી શકતા નથી, માત્ર બેક્ક અને સંસ્થાગત રોકાણકારો જ રોકાણ કરી શકે છે. આ સ્કીમ દ્વારા હવે રોકાણકારો પણ ગવર્નમેન્ટ સિક્યોરિટી અને બોન્ડ્સમાં રોકાણ કરી શકશે, એટલે કે તમને રોકાણ માટે નવું માર્કેટ મળશે.

## અમદાવાદમાં ટનલ ખોદવાનું કામ પૂર્ણ અને રેલ્વે ટ્રેક પાથરી દેવાયા

અમદાવાદ,

દેશની આઝાદીનાં ૭૫ વર્ષ નિમિત્તે સ્માર્ટસિટીને ૪૦ કિ.મી.લાંબી મેટ્રો રેલ સેવાની ભેટ આપવામાં આવશે. આવતા ઓગસ્ટ માસમાં શહેરીજનો અમદાવાદના એક છેડેથી બીજા છેડે જવા માટે મેટ્રો ટ્રેન સેવાનો લાભ લઈ શકશે. મેટ્રો રેલ પ્રોજેક્ટ ઓગસ્ટ ૨૦૨૨ સુધીમાં પૂર્ણ કરીને મેટ્રો ટ્રેન અમદાવાદમાં દોડતી કરી દેવાશે. એ ધ્યેય સાથે તાજેતરમાં જ સાબરમતી રેલવે સ્ટેશને ૭ રેલવે-ટ્રેકની ઉપર' ઓપન વેબ ગર્ડર' મૂકવામાં આવ્યું હતું. આ વેબ ગર્ડર ૭૩ મીટર લાંબું, ૧૨ મીટર પહોળું તથા ૧૮૫૦૦ HSFG બોલ્ટ્સ દ્વારા એકસાથે બાંધવામાં આવેલા ૫૫૦ મેટ્રિક ટન કરતાં વધુ સ્ટીલ મેમ્બરોથી બનેલું છે. ગર્ડરનું કુલ વજન ૮૫૦ મેટ્રિક ટન છે.અમદાવાદ શહેરમાં દિવાળીના તહેવારમાં મેટ્રો ટ્રેન લોકો માટે આકર્ષણનું કેન્દ્ર બની હતી. દિવાળીના પાંચ દિવસમાં ૧૬ હજારથી વધુ લોકોએ વસ્ત્રાલ ગામથી એપરલ પાર્ક સુધી દોડતી મેટ્રો ટ્રેનની સવારી કરીને મજા માણી હતી. શહેરમાં હજી મેટ્રોનું કામ ચાલી રહ્યું છે, પરંતુ આવનારા ૨૦૨૨ના વર્ષમાં ઓગસ્ટ માસમાં શહેરના પૂર્વ અને પશ્ચિમ અમદાવાદને જોડતી મેટ્રો ટ્રેન દોડતી થઈ જશે. આ માટે હાલમાં મેટ્રો રેલના કર્મચારીઓ દ્વારા દિવસરાત કામગીરી કરવામાં આવી રહી છે. અધિકારી સૂત્રોના જણાવ્યા મુજબ, મોટા ભાગની કામગીરી પૂર્ણતાને આરે છે.એપરલ પાર્કથી શાહપુર સુધી ૬.૬ કિ.મી.નો અંડરગ્રાઉન્ડ રૂટ બની ગયો છે. કાંકરિયા ઈસ્ટ, કાલુપુર રેલવે સ્ટેશન, ઘી કાંટા, શાહપુર સ્ટેશન અંડરગ્રાઉન્ડ સ્ટેશન હશે. હાલમાં અંડરગ્રાઉન્ડ ટનલ ખોદવાનું કામ પૂર્ણ થઈ ગયું છે. રેલવે-ટ્રેક પણ પાથરી દેવાયાં છે અને છેલ્લો ટચ અપાઈ રહ્યો છે. સાબરમતી નદી પરથી પણ મેટ્રો બ્રિજ પસાર થશે, જે હાલમાં બની ગયો છે. ૨૯૮ મીટર લાંબો આ બ્રિજ અત્યાધુનિક પદ્ધતિથી બનાવાયો છે, જેમાં ૧૦૫૦ મેટ્રિક ટન સ્ટીલનો ઉપયોગ થયો છે. ૫૫૦૦ ક્યૂબિક મીટર કોક્રીટ વપરાયું છે. ૬ પિલ્લર પર આ બ્રિજ ઊભો છે. ૩૮.૨ મીટરથી લઈને ૪૩.૮ મીટર સુધીનાં પિલ્લર છે. પૂર્વ અને પશ્ચિમ અમદાવાદને આ બ્રિજ જોડે છે. અમદાવાદમાં હાલમાં મેટ્રો રેલની કામગીરીને છેલ્લો ટચ અપાઈ રહ્યો છે. મોટેરા સ્ટેડિયમથી વાસણા છઁસ્ઝ સુધીના ૧૮.૮૭ કિ.મી.લાંબા નોર્થ-સાઉથ કોરિડોરમાં ૧૫ સ્ટેશન છે. સાબરમતી, એઈસી, સાબરમતી રેલવે સ્ટેશન, રાણીપ, વાડજ, વિજયનગર, ઉસ્માનપુરા, ઓલ્ડ હાઈકોર્ટ, ગાંધીગ્રામ, પાલડી, શ્રેયાંશ ક્રોસિંગ, રાજીવનગર અને જીવરાજ સ્ટેશન રહેશે. ઈસ્ટ-વેસ્ટ કોરિડોરની લંબાઈ ૨૧.૧૬ કિ.મી. છે. વસ્ત્રાલ ગામથી થલતેજ ગામ સુધીનો કોરિડોર છે, એમાં ૧૭ સ્ટેશન છે. નિરાંત ક્રોસ રોડ, વસ્ત્રાલ, રબારી કોલોની, અમરાઈવાડી, એપરલ પાર્ક, કાંકરિયા ઈસ્ટ, કાલુપુર રેલવે સ્ટેશન, ઘી કાંટા, શાહપુર, ઓલ્ડ હાઈકોર્ટ, સ્ટેડિયમ, કોમર્સ છ રસ્તા, ગુજરાત યુનિવર્સિટી, ગુરુકુળ રોડ, દૂરદર્શન કેન્દ્ર, થલતેજ સ્ટેશન વગેરે સ્ટેશનો રહેશે.

## ભારતમાં કોરોના બાદ ડેન્ગ્યુથી હાહાકાર મચ્યો

નવી દિલ્હી,

દર વર્ષે દુનિયામાં ૪૦ હજાર મૃત્યુ, ૪૦ કરોડ લોકો સંક્રમિત આફ્રિકા, અમેરિકા, એશિયાના ૧૦૦થી વધુ દેશોમાં આ સ્થાનિક બીમારીનો ખતરો છે. દર વર્ષે ૧૦થી ૪૦ કરોડ લોકો ડેન્ગ્યૂથી સંક્રમિત થાય છે. તેમાંથી ગંભીર ૪૦ હજાર લોકો જીવ ગુમાવે છે. સંગઠન અનુસાર તાજેતરના દાયકામાં ડેન્ગ્યૂના વૈશ્વિક ફેલાવામાં વધારે પડતી વૃદ્ધિ થઈ છે અને તેને ૧૭ ઉપેક્ષિત ઉષ્ણકટિબંધીય રોગોમાંથી એક મનાય છે. એનસીઆરમાં ડેન્ગ્યૂનો કેર જારી છે. એક અભ્યાસમાં ૪૩ ટકા લોકોએ જણાવ્યું કે આ વર્ષે તેમના પરિવારમાં કે નજીકના સંપર્કવાળાને ત્યાં કોઈને કોઈ સભ્યને ડેન્ગ્યૂ થયો છે. ૭૧ ટકા લોકોએ કહ્યું કે નગર નિગમે શરૂઆતમાં તેને રોકવાના ઉપાયો નહોતા કર્યા.કોરોનાથી બેહાલ દુનિયાને ડેન્ગ્યૂ પણ પરેશાન કરી રહ્યો છે. મચ્છરોના કરડવાથી થતી આ બીમારી ભારતમાં ચાલુ વર્ષે ૩૨ રાજ્યોમાં અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ફેલાઈ ચૂકી છે. ચાલુ વર્ષે અત્યાર સુધી ૧.૨૦ લાખથી વધુ કેસ સામે આવી ચૂક્યા છે. સૌથી વધુ ઉત્તરપ્રદેશમાં ૨૩ હજારથી વધુ કેસ મળ્યા છે. જ્યારે દિલ્હીમાં ૨૭૦૦થી વધુ દર્દી મળ્યા. દુનિયાની વાત કરીએ તો પાડોશી દેશ બાંગ્લાદેશ અને પાકિસ્તાનમાં પણ ડેન્ગ્યૂનો કેર તૂટી પડ્યો છે. પાકિસ્તાનના પંજાબ પ્રાંતમાં ૧૯ હજારથી વધુ તો સિંધ પ્રાંતમાં ૪૨૦૦થી વધુ લોકો ડેન્ગ્યૂ પીડિત મળ્યા છે. બંને રાજ્યોમાં આશરે ૮૦ લોકો ડેન્ગ્યૂથી જીવ ગુમાવી ચૂક્યા છે. જ્યારે બાંગ્લાદેશમાં પણ ૨૫ હજારથી વધુ મૃત્યુ થયા છે. ડબ્લ્યૂએચઓ અનુસાર દુનિયાની અડધી વસતી એટલે કે આશરે ૪૦૦ કરોડ લોકો એવા વિસ્તારોમાં રહે છે જ્યાં ડેન્ગ્યૂ થવાનો સૌથી વધુ ખતરો છે.

## આવતા વર્ષે દુનિયામાં ઈન્જેક્શન-સિરિન્જની અછત સર્જાશે

ન્યુ દિલ્હી,

સિરિન્જના પ્રોડક્શનમાં ઝડપ લાવવાની જરૂરત છે, કેમ કે એની અછતને કારણે સંગ્રહખોરીની સ્થિતિ બની શકે છે. સિરિન્જનો સપ્લાય ઘટવાથી ગ્લોબલ લેવલ પર પેનિકની સ્થિતિ પણ બની શકે છે. લીસા હેડમેને કહ્યું, આવશ્યક વસ્તુઓના અભાવના સંકેતો ખરેખર પરેશાન કરે છે. સિરિન્જના કિસ્સામાં આ ઘટ રૂ.૧૦૦થી રૂ.૨૦૦ કરોડ સુધીની હોઈ શકે છે. સમયસર એનો સામનો કરવા માટે અસરકારક આયોજન કરવું જોઈએઆવનારા વર્ષ સુધી દુનિયામાં આશરે ૨૦૦ કરોડ ઈન્જેકશન સિરિન્જની અછત સર્જાઈ શકે છે. વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનના એક રિપોર્ટમાં આ વાત કહેવામાં આવી છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે દુનિયાભરમાં કોરોના વેક્સિનેશનના લીધે મોટે પાયે સિરિન્જનો વપરાશ થઈ રહ્યો છે. મીડિયા રિપોર્ટ્સ પ્રમાણે, અત્યારસુધી સમગ્ર દુનિયામાં ૭૨૫ કરોડથી વધુ કોરોના વેક્સિનના ડોઝ લગાવાયા છે. એમાં સિંગલ, ડબલ અને બૂસ્ટર ડોઝ સામેલ છે. વેક્સિનની આ માત્રા સામાન્ય રીતે વાર્ષિક કુલ ડોઝની તુલનામાં ડબલ છે. દરેક ડોઝ માટે સિરિન્જનો ઉપયોગ થાય છે, તેથી એની અછત પણ દર વર્ષે બેગણી થઈ ગઈ છે. WHOના ડિવિઝન ઓફ એક્સેસ ટુ મેડિસિન એન્ડ હેલ્થ પ્રોડક્ટ્સના વરિષ્ઠ સલાહકાર લિસા હેડમેને ન્યૂઝ એજન્સીને જણાવ્યું હતું કે અમારી વાસ્તવિક ચિંતા એ છે કે આવતા વર્ષ સુધીમાં આપણી પાસે વેક્સિનેશન માટે સિરિન્જનો અભાવ સર્જાઈ શકે છે. આ વેક્સિનેશનને ધીમું કરી શકે છે. લોકોને અનેક રોગોથી બચાવવાના પ્રયાસો પર પણ એની ગંભીર અસર પડશે.

**નર્મદા જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ**
**ટુંકી મુદતની જાહેર નિવિદા નં.૧૩ સને ૨૦૨૧-૨૨**
**ગુજરાત સરકાર**

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના વતી કાર્યપાલક ઈજનેરશ્રી, પાનમ યોજના વિભાગ, પાનમ કોલોની, ગોધરા-૩૮૯૦૦૧ જી.પંચમહાલ, ફોન નં. (૦૨૬૭૨) ૨૪૧૮૧૨ દ્વારા યોગ્ય શ્રેણીમાં નોંધણી ધરાવતા ઈજારદારો પાસેથી રેસ્ટોરેશન વર્કના ૧ કામ માટે ઓફલાઈન ટેન્ડર, બી-૧ ફોર્મમાં મંગાવવામાં આવે છે. જેની અંદાજીત રકમ રૂા.૩.૪૩ લાખ સુધીની છે. સદર કામના ટેન્ડરો ચાલુ કચેરી દરમ્યાન ઠેકેદારશ્રીએ પોતાના લેટરપેડ ઉપર જરૂરી ટેન્ડર ફી, જરૂરી રજીસ્ટ્રેશન, ચાલુ નાણાંકીય વર્ષ-૨૦૨૧ ની બેંક સોલવન્સી, પાનકાર્ડ રજૂ કર્યેથી ટેન્ડરની નકલ તા.૧૬/૧૧/૨૦૨૧, ૧૨-૦૦ કલાક સુધી આપવામાં આવશે તથા તા.૨૩/૧૧/૨૦૨૧ ના ૧૮.૦૦ કલાક સુધી ભાવો ભરેલા ટેન્ડરો રજી.પોષ્ટ એડી./સ્પીડ પોષ્ટથી કચેરીમાં પહોંચાડવાના રહેશે. શકય હશે તો તા.૨૪/૧૧/૨૦૨૧ ના ૧૨.૦૦ કલાકે ઉપરોકત કચેરીમાં ભાવો ભરેલા ટેન્ડરો ખોલવામાં આવશે. એક અથવા બધા જ ટેન્ડરો મંજુર કે નામંજુર કરવાની સત્તા કાર્યપાલક ઈજનેરશ્રીની રહેશે. જેના કોઈ કારણો આપવામાં આવશે નહિ .

કાર્યપાલક ઈજનેર
પાનમ યોજના વિભાગ
ગોધરા

માહિતી/ગોધરા/૬૬૭/૨૦૨૧

## ભારત સરકારનો મોટો નિર્ણય ૯ દેશના લોકો માટે ઈ-વિઝા બંધ

નવી દિલ્હી,

ભારત કુલ ૧૭૧ દેશને ઈ-વિઝાની સુવિધા આપતું હતું, જેમાં ચીન પણ સામેલ હતું. જોકે, કોરોના મહામારી પછી પ્રવાસ પ્રતિબંધો હેઠળ અનેક દેશોએ ભારતીય નાગરિકોને તેમના દેશમાં આવવાની મંજૂરી આપી નથી અથવા તો વિઝાને લગતી પ્રક્રિયા ઘણી અઘરી બનાવી દીધી છે. એટલે ભારતે પણ જવાબી કાર્યવાહી હેઠળ યુ.કે. અને કેનેડા સહિત કુલ નવ દેશને ઈ-વિઝા નહીં આપવાનો નિર્ણય કર્યો છે.ચીન, હોંગકોંગ, મકાઉ સહિત નવ દેશના પ્રવાસીઓ માટે ભારતે ઈ-વિઝાની સુવિધા બંધ કરી દીધી છે. આ દેશોમાં કેનેડા, યુ.કે., ઈરાન, મલેશિયા, ઈન્ડોનેશિયા અને સાઉદી અરેબિયા પણ સામેલ છે. જોકે, યુ.એસ., તાઈવાન, વિયેતનામ, સિંગાપોર સહિતના વિશ્વના કુલ ૧૫૬ દેશ માટે ઈ-વિઝાની સુવિધા ચાલુ રહેશે. હમણા સુધી ભારત ચીન સહિતના કુલ ૧૭૧ દેશના લોકોને ઈ-વિઝાની સુવિધા આપતું હતું. ખાસ કરીને ચીનને લઈને ભારતનો નિર્ણય મહત્ત્વનો ગણાય છે. તેનું કારણ એ છે કે ચીનની પીપલ્સ લિબરેશન આર્મી લદાખ, ઉત્તરાખંડ અને અરુણાચલ પ્રદેશ સરહદે સતત આંતરરાષ્ટ્રીય નિયમોનો ભંગ કરી રહી છે. ૨૦૧૫-૧૬માં ભારતે ઈ-વિઝા માટે ચીનને પ્રાયર રેફરલ કેટેગરી (પીઆરસી)માંથી બહાર કાઢ્યું હતું, પરંતુ



બાદમાં તેને અન્ય ૧૭૧ દેશોની યાદીમાં સામેલ કર્યું હતું. આ યાદીમાં ચીનની સાથે પાકિસ્તાન, અફઘાનિસ્તાન, સુદાન, ઈરાક અને વિવિધ દેશના શરણાર્થીઓને પણ ઈ-વિઝા અપાતા હતા. જોકે, માર્ચ ૨૦૨૦માં કોરોના મહામારીના કારણે ટ્રાવેલ પ્રતિબંધો જાહેર કર્યા ત્યારે તમામ પ્રવાસીઓ માટે ઈ-વિઝા બંધ કરાયા હતા.

## બેંક ઓફ ઈન્ડોનેશિયા ડિજિટલ કરન્સી લાવી શકે છે

જકાર્તા,

ક્રિપ્ટો કરન્સી એક વસ્તુ કે ડિજિટલ પ્રોપર્ટીના રૂપમાં શરિયતના સિદ્ધાંતોનું પાલન કરે અને ચોખ્ખો ફાયદો દર્શાવી શકે તો તેનો વ્યાપાર કરી શકાય. એમયુઆઈ પાસે દેશમાં શરિયતના કાયદાના પાલનનો અધિકાર છે. એમયુઆઈ પાસે નાણા મંત્રાલય અને મધ્યસ્થ બેક્ક સાથે ઈસ્લામી નાણાકીય મુદ્દે પરામર્શ કરવાનો અધિકાર પણ છે. બીજી તરફ બેંક ઓફ ઈન્ડોનેશિયા ડિજિટલ કરન્સી લાવવા વિચાર કરી રહી છે. હવે સ્થાનિક કંપનીઓ ક્રિપ્ટો કરન્સી જારી કરવા અંગે ફેરવિચાર કરી શકે છે.ઈન્ડોનેશિયાની નેશનલ ઉલેમા કાઉન્સિલ અને મજલિસઉલેમા ઈન્ડોનેશિયા મુસ્લિમો માટે ક્રિપ્ટો કરન્સીનો ચલણ તરીકે ઉપયોગ હરામ (નિષેધ) ગણાવ્યો છે. કાઉન્સિલના ધાર્મિક નિયમોના પ્રમુખ અસરુન નિયામ શોલેહે કહ્યું કે ક્રિપ્ટોને એટલે હરામ ગણાવીએ છીએ કે તેમાં અનિશ્ચિતતા છે અને તે એક પ્રકારનો જુગાર છે, જે નુકસાન પહોંચાડી શકે છે.

## હવે GSTમાં વ્યાજની ગણતરી આપમેળે થશે : સમસ્યાનો અંત

ભાવનગર,

જીએસટી ટેક્સની રકમથી વેરાશાખ વધુ હોય તેવા કિસ્સામાં વ્યાજના પ્રશ્નો ઉપસ્થિત થશે નહીં, પરંતુ જેને રિવર્સ વેરાશાખના કાયદા અસરમાં આવતા હશે તેઓએ ડ્યુ ડેટ પહેલા રિટર્ન ફાઈલ કરવાની તાકીદ રાખવી પડશે. રિટર્નમાં લેટ ફીની સાથે વ્યાજની રકમ પણ વસુલવામાં આવશે. બીજી તરફ વેરાશાખ સંબંધિત ગેરરીતિઓને અટકાવવા માટે પણ જીએસટી તંત્ર સાબદું બન્યુ છે. અને કોમ્પ્યુટર ડેટા વડે ચકાસણી કરી રહ્યું છે. જેઓની વેરાશાખ તેઓના ખરીદ વેચાણની



સરખામણીએ અસામાન્ય હશે તેઓના પર અધિકારીઓ નજીકથી નજર રાખી રહ્યા છે. ખરીદી કર્યા વિના માત્ર વેચાણના બિલો ફાડી અને વેરાશાખ લઈ અન્ય જગ્યાએ તબદીલ કરાતી હોવાના કિસ્સા પણ તંત્રની નજરે ચડ્યા છે.સીબીઆઈસી દ્વારા જીએસટીના નવા રજીસ્ટ્રેશનમાં સાચા વેપારીઓને પરેશાનીનો સામનો કરવો પડે નહીં તેના અંગે માથાપચ્ચી ચાલી રહી છેગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (જીએસટી)ના અમલીકરણના ૫૨ મહિના પછી પણ તેમાં તબદીલીઓ હજુ ચાલુ જ છે. વેપારીઓએ ફાઈલ કરવાના થતા જીએસટીઆર-૩બી રિટર્નમાં હવે વેપારીઓને મળશે રાહત, અગાઉ વ્યાજની ગણતરી મેન્યુઅલી કરવામાં આવતી હતી તેથી તેમાં અનેક સમસ્યાઓ સર્જાતી હતી. હવે ૧૫મી નવેમ્બરથી આવા વ્યાજની ગણતરી સાથે જ જીએસટીઆર-૩બીની ગણતરી આપમેળે ગઈ જશે. માસિક અને ત્રિમાસિક રિટર્નમાં હવે વ્યાજની ગણતરીની જંજટના દિવસો પૂર્ણ થઈ રહ્યા છે. વેપારીઓએ જીએસટીના રિટર્ન નિયત સમયમાં ફાઈલ કર્યા ન હોય તો તેનું વ્યાજ ચડતુ જાય છે. હાલની સગવડતા અનુસાર આવા વ્યાજની ગણતરી મેન્યુઅલી કરવામા આવતી હતી અને વેપારીઓ-ટેક્સ કન્સલટન્ટોની ગણતરી અને ટેક્સ અધિકારીઓની સીસ્ટમમાં તફાવત સર્જાતા વેપારીઓને નોટિસો મળતી હતી, આવી સમસ્યા અંગે સીબીઆઈસીમાં પણ વારંવાર રજૂઆતો કરવામાં આવી રહી હતી.

## રો-મટિરિયલ્સમાં ભાવવધારાને કારણે નિકાસમાં ઘણા ઓર્ડર રદ થયા

રાજકોટ,

રો-મટિરિયલ્સના વધતા જતા ભાવને કારણે એકલા માત્ર રાજકોટમાંથી અંદાજિત ૧૦૦ કરોડથી વધુ રકમના એક્સપોર્ટના ઓર્ડર કેન્સલ થયા છે. સામાન્ય રીતે ચોમાસાની સિઝનના ચાર મહિના દરમિયાન કંપની તરફથી જે ઓર્ડર મળે તેનો એડવાન્સ સ્ટોક થતો હોય છે, પરંતુ આ વખતે ખુદ કંપનીએ જ એડવાન્સ ઓર્ડર આપ્યા નથી. જેને કારણે દર વખત કરતા આ વખતે એડવાન્સ સ્ટોકનું પ્રમાણ ઓછું છે આ સિવાય ઓર્ડર કેન્સલ થવાથી દર વર્ષે જે નિકાસ થાય છે તે ઘટશે, પરંતુ કિંમત પ્રમાણે એક્સપોર્ટ વધશે. કારણ કે, દરેક વસ્તુના ભાવ વધી જતા તેની કોસ્ટ ઊંચું જવાથી તેની કિંમત વધશે. સામાન્ય રીતે એક એક્સપોર્ટર દર મહિને એવરેજ ૫ વાહન ભરીને માલની નિકાસ કરે છે, પરંતુ અત્યારે આ એવરેજ ૨ થી ૩ વાહનની જ જોવા મળી રહી છે.છેલ્લા કેટલાક સમયથી રો-મટિરિયલ્સના ભાવ વધી રહ્યા છે. આ ભાવવધારાની અસર સ્થાનિક ઉત્પાદનથી લઈને એક્સપોર્ટ સુધી પડી છે. એક્સપોર્ટના ૫૦ ટકાથી વધુ ઓર્ડર રદ થયા છે. જ્યારે સપ્ટેમ્બરથી લઈને ડિસેમ્બર સુધી થતા એડવાન્સ સ્ટોકનું પ્રમાણ પણ ઘટ્યું છે. જેને કારણે ઔદ્યોગિક એકમોમાં ૧૨ના બદલે ૮ મહિના જ કામકાજ રહ્યા છે. તેમજ હાલમાં નવા ઓર્ડર લેવામાં વેઈટ એન્ડ વોચની નીતિ અપનાવવામાં આવી રહી છે. વતનમાં દિવાળી વેકેશન કરવા ગયેલા મજૂરો આજથી પરત ફરશે. જેને કારણે ઔદ્યોગિક એકમો આજથી રાબેતા મુજબ શરૂ થશે તેમ ઉદ્યોગકારો જણાવી રહ્યા છે.

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

# સંતરામપુર ક્રાઈમ બ્રાન્ચમાં NOC માટે નાણાં ઉઘરાવતો હોવાનું વીડીયો વાયરલ થતાં ચર્ચાનો વિષય



સંતરામપુર,
સંતરામપુર પોલીસ મથક ના પોલીસ સ્ટેશનની કાઈમ બાન્ચ શાખામાં એનઓસી (કોઈ ગુનામાં સંડોવાયેલા નથી)નું પ્રમાણપત્રમાં મીલીભગતથી નાણાં ઉઘરાવાતા હોવાનો વિડીયો તાજેતરમાં વાયરલ થતાં પોલીસ બેડામાં ભારે હડકમપ મચી ગયો છે અને આ ઉઘરાણાનો મુદ્દો હાલ ચર્ચાનો વિષય બનેલ છે.

હાલએલઆરડીની ભરતીની ઉમેદવારી ફોર્મ ભરવાની કાર્યવાહી ઊમેદવારો દ્વારા કરાયછે. એ માટે તેઓ દ્વારા કોઈ ગુનામાં સંડોવાયેલા નથી. તેવું પ્રમાણપત્ર સંતરામપુર પોલીસ મથકે થી મેળવવાનું હોય છે. તે માટે આ પ્રમાણપત્ર મેળવવા માટે આ ગરીબ આદિવાસી કે જેઓ ઊમેદવારી કરવા થનગની રહેલા છે. તેઓને સંતરામપુર પોલીસ સ્ટેશનની કાઈમ બાન્ચ શાખામાં ટેબલ પર વજન મુકયા વગર પ્રમાણપત્ર નહીં મળતું હોવાની બુમ ઊઠેલ છે. અને પ્રમાણપત્ર દીઠ નણાં લેતાં હોવાનો કોઈ કે વીડિયો ઊતારી લેતા અને આ વીડિયો જીલ્લા પોલીસ સુધી જતાં પોલીસ હરકતમાં આવેલ અને આ પ્રકરણમાં જીઆરડી જવાન લક્ષમણભાઈ ફતાભાઈ તલાર ને ફરજમાંથી છુટા કરાયાનું ચચાઈ રહેલ છે.

આ વીડિયોમાં કાઈમ બાન્ચની મહીલા પોલીસ કર્મચારીની હાજરીમાં તેમની સામે જ જીઆરડી જવાન નાણાં લઈને તે નાણાં ટેબલ પર મુકેલ ચોપડા નીચે મુકે છે. તે વિડીયોમાં સપષ્ટ જોવાયછે.

આમ, જો પોલીસ મથકમાં જ ખુલ્લે આમ નાણાં ઉઘરાવાતા હોય ને તે પણ કાઈમ શાખાના મહીલા જવાબદાર કર્મચારીની હાજરીમાં જો જીઆરડી જવાન એનઓસીનું પ્રમાણપત્ર આપવા માટે નાણાં ઉઘરાવાતો હોય અને તેમ છતાં પણ આ શાખાની મહીલા પોલીસ કર્મચારી તેને અટકાવે નહીં તો શું સમજવું????.

આ જીઆરડી જવાન કાઈમ શાખામાં કોના હુકમ થી બેસીને ફરજ બજાવતા હતા??? અને આ રીતે નાણાંની ઊઘરાણી કોના ઈશારે અને કોના કહેવાથી કરી રહેલ તેની પણ તપાસ કરાય અને આ સમગ્ર ઘટનાની તપાસ એસીબીને સુપ્રત કરાય તેવી માંગ ઉઠી છે.

ગુજરાત સરકાર વચેટીયાઓ બંધ થયાંની અને ભષ્ટ્રાચાર દુર થયાંની ગુલબાંગોને સુત્રોચ્ચારો પોકારે છે. ત્યારે સંતરામપુર પોલીસ મથકે બનેલ આ બનાવ અને તેનો વાયરલ થયેલ વિડીયો ઘણુ બધું શું....?

# લુણાવાડા નગરપાલીકા ખાતે સાતમા તબક્કાનો "સેવા સેતુ" કાર્યક્રમ યોજાયા



તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

લુણાવાડા,
રાજ્ય સરકારના પ્રજાલક્ષી અભિગમ અંતર્ગત વહિવટી પ્રક્રીયામાં પારદર્શિતા લાવવા અને લોકોને ઘર આંગણે જ વિવિધ સરકારી સેવા-યોજનાઓનો લાભ મળી રહે તેવા આશય સાથે મહીસાગર જિલ્લામાં ૭માં તબક્કાના સેવાસેતુ કાર્યક્રમનો લુણાવાડા નગરપાલીકા ખાતે લુણાવાડા ધારાસભ્ય જીગ્નેશભાઇ સેવકના અદયક્ષ સ્થાને અને નગરપાલીકા પ્રમુખ ભાવનાબેન મહેતાની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યો.

આ પ્રસંગે લુણાવાડા ધારાસભ્ય જીગ્નેશભાઇ સેવકેજણાવ્યું હતું કે,પ્રજાની લાગણી માંગણી અને અપેક્ષા પુર્ણ કરવા સાથે એકપણ સાચો લાભાર્થી સરકારી લાભોથી બાકત ન રહે તે માટે રાજ્ય સરકાર દ્વારા સેવાસેતુ કાર્યક્રમ અમલમાં આવેલ છે. પહેલા વિવિધ સરકારી સેવા યોજનાઓનાના લાભ/કામ માટે પોતાના કામ ધંઘા,ખેતી કામ છોડીને તાલુકા-જિલ્લામાં જવુ પડતુ હતું સરકારે તે ઉદેશ્ય બદલીને સરકારના તમામ અધિકારી કર્મચારીઓને તમારા દ્વારે મોકલ્યા છે. સાથે દરેક યોજનાની માહિતી પણ આ કાર્યક્રમમાં મળવાની છે તો દરેક આ કાર્યક્રમનો લાભ લેવા અપીલ કરી હતી.

સાથે સાથે બાલાસિનોર અને સંતરામપુર નગરપાલીકા ખાતે, વીરપુર તાલુકાના રાજેણા ખાતે,લુણાવાડા તાલુકાના મઘવાસ ખાતે, ખાનપુર તાલુકામાં પાંડરવાડા ખાતે, સંતરામપુર તાલુકામાં મોટી ભુગેડી ખાતે અને કડાણા તાલુકામાં વેલણવાડા પ્રાથમિક શાળા ખાતે સેવા સેતુ કાર્યક્રમો યોજાયા હતા. જેમાં ગ્રામ્ય અને નગર વિસ્તારના નાગરીકો દ્વારા મળેલ પ્રશ્નોનો સ્થળ પર જ હકારાત્મક નિકાલ કરવામાં આવ્યો હતો આ સેવાસેતુ કાર્યક્રમ નાના માણસનો આ મોટો કાર્યક્રમ બની રહયો હતો.

આ સેવાસેતું કાર્યક્રમો થકી સરકાર તમારા દ્વારે આ થીમના હેતુથી સેવાસેતુનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાંવ્યક્તિલક્ષી રજુઆતોના નિકાલ માટે આવક, જાતિ, ક્રિમિલિયર, ડોમિસાઇલ, પ્રમાણપત્રને લગતા દાખલાઓ તેમજ રેશનકાર્ડને લગતી અરજીઓ, આધારકાર્ડ અને ચૂંટણીકાર્ડમાં નામ નોધાવવાની અરજીઓ, મા અમૃતમ યોજના તથા વાત્સલ્ય કાર્ડમાં લાભાર્થીઓની નોંધણી અને કાર્ડ ઇસ્યુ કરવા, રાજ્ય સરકારની કૃષિ, પશુપાલન, સહકાર, વાહન વ્યવહાર, ઇ સ્ટેમ્પીંગ સેવા, ગ્રામ વિકાસ, પંચાયત, સમાજ કલ્યાણની યોજનાઓ હેઠળ વ્યક્તિલક્ષી લાભો માટે અરજીઓ વરિષ્ઠ નાગરિકતા પ્રમાણપત્ર, દિવ્યાંગતા પ્રમાણપત્ર, સ્કોલરશીપ યોજના લાભો, વિઘવા સહાય અને વૃધ્ધ નિરાધાર સહાય યોજના હેઠળ લાભ મેળવવા માટેની અરજીઓ સ્વીકારવામાં આવી હતી.

સેવા સેતુ કાર્યક્રમમાં સ્થળ પર જે તે અરજદાર રજુઆત લઈને આવ્યા. ત્યારે રજુઆતના ગુણદોષ, રજુ કરેલ તથ્યો અને જરૂરીયાત પ્રમાણે સ્થળ મુલાકાત કરીને રજુઆતોનો સ્થળ પર નિકાલ લાવવા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા લાભાર્થીઓને આજના દિવસે તેમના કામનો નિકાલ કરવા ઘનિષ્ઠ પ્રયાસો કર્યા હતા. ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે વ્યક્તિગત પ્રમાણપત્રો લાભાર્થીઓને આપવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં ચીફ ઓફીસર ભદ્રેશ પટેલ, નગરપાલીકાના સદશ્યઓ, સહિતલાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ સેવાસેતુ કાર્યક્રમથી નગર વિસ્તારના નાગરીકોનો ઉત્સાહ અને આનંદ જોવા મળ્યો હતો.

# સંતરાપુર નર્સીંગ કોલેજ ખાતે એડોલેશન હેલ્થ વેલનેસ ડે કેમ્પનું આયોજન કરાયું



તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,
SDH સંતરામપુર અધિક્ષક ડો. એલ.એન.વણકર સરના માર્ગદર્શન હેઠળ જનરલ નર્સિંગ કોલેજ સંતરામપુરમાં રાષ્ટ્રીય કિશોર સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત એડોલેશન હેલ્થ એન્ડ વેલનેસ ડે કેમ્પનું આયોજન કરી કોલેજના વિદ્યાર્થીઓને રાષ્ટ્રીય કિશોર સ્વાસ્થ્ય કાર્યક્રમ વિશે સમજાવવામાં આવ્યા. તેઓને કિશોરાવસ્થાના ફેરફારો, માસિક પ્રક્રિયા અને ગર્ભધારણ, વ્યક્તિગત સ્વચ્છતા, એનિમિયા વિશે, આઈએફએ ગોળી લેવાથી થતા ફાયદા, લોહતત્ત્વ ખોરાક, ધુમ્રપાન થી થતા નુકશાન જેવા વિષયો પર ચર્ચા કરવામાં આવી. ઉંચાઇ-વજન, કરવામાં આવ્યું. જેમા ICTC કાઉન્સેલર, એડોલેસન હેલ્થ કાઉન્સેલર હાજર રહ્યા હતા.

# મહીસાગરમાં નિરામય ગુજરાત અભિયાનનો ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ, વૈધાનિક અને સંસદીય બાબતોના રાજ્યમંત્રી ના હસ્તે શુભારંભ



લુણાવાડા,
હાલના સમયમાં અતિ વ્યસ્ત જીવનશૈલીઅને દોડધામભર્યા જીવનમાં આપણી જીવનશૈલી સુદ્રઢ બને અને વ્યકિતગત સ્વાસ્થ્ય જળવાય તે ખૂબ જ અગત્યનું છે. તેમ ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ, વૈધાનિક અને સંસદીય બાબતોના રાજ્યમંત્રીડો.કુબેરભાઇ ડિંડોરે બાવન પાટીદાર સમાજ ઘર લુણાવાડામાં "નિરામય ગુજરાત" કાર્યક્રમનું દિપપ્રાગટ્ય કરી લોન્ચિંગ અવસરે જણાવ્યું હતું.

આ પ્રસંગે તેમણે જણાવ્યું કે, આપણે ત્યાં કહેવત છે કે, 'પ્રથમ સુખ તે જાતે નર્યા' એટલે કે આપણાં વ્યક્તિગત જીવનમાં આરોગ્યને સૌ પ્રથમ ક્રમ આપવામાં આવ્યો છે. તેનો અર્થ છે કે, જો શરીર તંદુરસ્ત હશે, તો મન તંદુરસ્ત રહેશે અને આપણી તંદુરસ્તી જળવાઇ રહેશે.આજે રાજ્યના ૩૩ જિલ્લા અને ૮ મહાનગરપાલિકા વિસ્તારમાં આ કાર્યક્રમની એક સાથે શરૂઆત કરીને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલે એક વ્યાપક સ્વાસ્થ્યલક્ષી કાર્યક્રમની શરૂઆત કરી છે.

વધુમાં જણાવ્યું કે આ કાર્યક્રમ દ્વારા ૩૦ વર્ષથી વધુ ઉંમરના જિલ્લા અને રાજ્યના ત્રણ કરોડ લોકોને લાભ મળવાનો છે. તજજ્ઞ ડોક્ટરો દ્વારા બિન ચેપી રોગની સારવાર ઉપલબ્ધ બનવાની છે ત્યારે વધુને વધુ લોકો તેનો લાભ લે તેવી અપીલ પણ તેમણે કરી હતી.

આ અવસરે મંત્રીએ જણાવ્યું હતું કે, અતિ વ્યસ્ત જીવનશૈલીના કારણે ડાયાબીટીસ, બ્લડ પ્રેશર જેવી ગંભીર પરંતુ બિનચેપી અને છુપી બિમારીઓનું પ્રમાણ વધ્યું છે. સામાન્યતઃ ગંભીર બાહ્ય દેખાતી બીમારીઓ સિવાય આપણે નાની તકલીફો સમયે તપાસ કરાવવાનું ટાળીએ છીએ જે મોટી બિમારી નોતરે છે ત્યારે આ અભિયાન હેઠળ રાજ્યમાં બિન ચેપી રોગથી લોકોની કાળજી લેવા ૩૦થી વધુ વયના નાગરિકોની દર શુક્રવારે રાજ્યના પ્રાથમિક અને સામૂહિક આરોગ્ય કેન્દ્રો તેમજ સરકારી હોસ્પિટલોમાં આરોગ્ય સ્કિનિંગ તપાસ કરવામાં આવશે જેનો બહોળી જનતાએ લાભ લેવો જોઇએ. વળીલોકો આરોગ્યના જંગી ખર્ચના ડરના કારણે પણ તપાસ કરાવવા અંગે તકલીફ અનુભવતા હોય છે તે સમયે સરકાર દ્વારા વિનામૂલ્યે સ્કીનીંગ થી સારવાર સુધીની સેવા મળવાથી દરેક વર્ગના લોકોને લાભ થશે.

આ પ્રસંગે મહાનુભાવોના હસ્તે ટોકન રૂપે પ લોકોને નિરામય કાર્ડ આપવામાં આવ્યાં હતાં. પ્રધાનમંત્રી જન આરોગ્ય કાર્ડના લાભાર્થીઓને ડિજિટલ હેલ્થ આઇ.ડી. આપવામાં આવ્યાં હતાં તેમજ ઉપસ્થિત સૌ કોઈએ પાલનપુર ખાતેથી મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલના અદયક્ષ સ્થાને યોજાયેલ રાજય કક્ષાના કાર્યક્રમનું જીવંત પ્રસારણ નિહાળ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે નિરામય ગુજરાત અભિયાન હેઠળ હાઈપર ટેન્શન, ડાયાબિટીસ, મોઢા-સ્તન તથા ગર્ભાશયના મુખનું કેન્સર, કિડનીની બીમારી, પાંડુ રોગ (એનિમિયા), કેલ્શિયમની ઉણપ સહિતની બીમારીઓને આવરી લેવાઇ છે જે માટે જિલ્લા આરોગ્યતંત્ર દ્વારા બાવન પાટીદાર સમાજ ઘર ખાતે સર્જરી વિભાગ, સ્ત્રી રોગ વિભાગ, લેબોરેટરી વિભાગ, ચામડી રોગ વિભાગ, કાન-નાક-ગળા વિભાગ, દાંત વિભાગ, આયુષ્યમાન ભારત કાર્ડ વિભાગ, દવા વિભાગ સહિતની વ્યવસ્થા નાગરિકો માટે વિનામુલ્યે ઉપલબ્ધ કરાવાઇ હતી મંત્રીએ વિભાગોની મુલાકાત લઇ વ્યવસ્થાઓને નિહાળી લાભાર્થીઓ સાથે મુલાકાત કરી હતી. આ કાર્યક્રમમાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. એસ.બી.શાહે સ્વાગત પ્રવચન કર્યું હતું. આભાર દર્શન ડો. નરેન્દ્ર ગોસાઇએ કર્યું હતું.

આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ રમીલાબેન ડામોર, લુણાવાડા ધારાસભ્ય જીગ્નેશભાઇ સેવક, જિલ્લા વિકાસ અધિકારી કે.ડી.લાખાણી, નગરપાલીકા પ્રમુખભાવનાબેન મહેતા, નાયબ જિલ્લા વિકાસ અધિકારી ચંદ્રીકાબેન ભાભોર, પુર્વ ધારાસભ્ય કાળુભાઇ માલીવાડ, ખાનપુર તાલુકા પંચાયત પ્રમુખસહિત જિલ્લા અગ્રણીઓ સહિત લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# મહીસાગર જિલ્લા સેવા સત્તા કાનૂની સેવા મંડળ દ્વારા સ્ત્રીઓના અધિકાર અને રક્ષણ બાબતે શિબિર યોજાઇ



તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

લુણાવાડા,
મહીસાગરજિલ્લા સેવા સત્તા કાનૂની સેવા મંડળ દ્વારા આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત પાન ઈન્ડીયા એવરનેસ ઉજવણી નિમિત્તે લુણાવાડા કિસાન માધ્યમિક વિદ્યાલય ઓડીટોરીયમ હોલ ખાતે નેશનલ કમીશન ફોર વુમનના કાર્યક્ષેત્ર હેઠળ સ્ત્રીઓના અધિકાર અને રક્ષણ બાબતે શિબિરનું આયોજન નામદાર પ્રિન્સીપલ ડીસ્ટીક્ટ્ર જજ એચ. એ. દવેના અદયક્ષ સ્થાને કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ડીસ્ટ્રીક્ટ જજ એચ.એ. દવેએ પ્રાસંગિક ઉદબોધનમાં મહિલા સશક્તિકરણ જાગૃતિ કાર્યક્રમ કરવાની પહેલ કરી વધુમાં વધુ સમાજની મહિલાઓ આગળ આવી મહિલાલક્ષી કાયદાઓથી અવગત થાય તે બાબત પર ભાર મુક્યો હતો. તેમજ મહિલા લક્ષી કાયદા અંગે જાગૃતતા આવે અને મહિલાઓને સમાજમાં માન અને સ્વમાન મળી રહે તેવા ઉમદા હેતુસર આવા જાગૃતિ કાર્યક્રમોની તેમા મહત્વની ભૂમિકા રહીશે.

આ પ્રસંગેઆ પ્રસંગે એડીશનલ ચીફ જ્યુડીશિયલ મેજિસ્ટ્રેટ જજ ડી.આર.જગુવાલા, ઈ.ચા.સેંક્રેટરી જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ અને જ્યુડીશિયલ મેજિસ્ટ્રેટ ફસ્ટ કલાસ કે.એ.મારવાહ સરકારી વકીલ ચેતનાબેન જોષી, સમાજિક કાર્યકર સોનલબેન પંડયા અને દહેજ પ્રતિબંધક અધિકારી રમેશભાઈ ચૌધરીતથા રાષ્ટ્રીય કક્ષાએ ગોલ્ડ મેડાલીસ્ટ અને કરાટે ચેમ્પનીયન જિલ્લાની દિકરી તનુ સોની ભારતીબેન રાણા, પીએલવી મહીસાગર ફિઝિકલ એકેડમી રવીકુમાર ધોબી, ટેકવાંડો ચેમ્પિયન વિશાલભાઈ પંડિતસખી વન સ્ટોપ સેન્ટરની બહેનો, ૧૮૧ હેલ્પલાઇન ની બહેનો, વિવિધ લક્ષી કલ્યાણ કેન્દ્રની બહેનો ઉપસ્થિત રહયા હતા.

# મહીસાગર જિલ્લાના ખેડુતોએ બિયારણ, જંતુ નાશક દવા તથા રાસાયણિક ખાતર ખરીદતી વખતે ધ્યાને રાખવા જોગ

લુણાવાડા,
જંતુનાશક દવા, બિયારણ તથા રાસાયણિક ખાતરની ખરીદી હંમશા તેના અધિકૃતલાયસન્સ/પરવાનો ધરાવતી સહકારી મંડળીઓ અથવા તો પ્રતિષ્ઠત વિક્રેતાઓ પાસેથી જ કરવાનો આગ્રહ રાખવો,રાસાયણિક ખાતરની થેલી, જંતુનાશક દવાની બોટલ/ટીન તથા બિયારણની થેલી સીલબંધ છે કે કેમ ? તેની ખાતરી કરવી તથા કોઇ પણ સંજોગોમાં મુદત પુરી થયેલ જંતુનાશક દવા અથવા તો બિયારણની ખરીદી કરવી નહીં, ત્રણેય ઇનપુટના વેપારી પાસેથી તેના લાયસન્સ નંબર અને પુરેપુરા નામ/સરનામા તથા તેની સહીવાળા બીલમાં ઉત્પાદકનું નામ/લોટ નંબર/બેચ નંબર તથા જંતુનાશક દવા અને બિયારણના કિસ્સામાં તેની ઉત્પાદન અને મુદત પુરી થયા તારીખ વગેરે તમામ વિગતો દર્શાવતું પાકુ બીલ મેળવી લેવું અને બીલમાં દર્શાવેલ વિગતોની ખરાઇ થેલી/ટીન/લેબલ સાથે અવશ્ય કરી લેવી,ખાતરની થેલી/બારદાન ઉપર યથા પ્રસંગ ફર્ટીલાઇકઝર, બાયોફર્ટીલાઇઝર, ઓર્ગેનિક ફર્ટીલાઇઝર અથવા તો નોન-એડીબલ ડી-ઓઇલ્ડ કેક ફર્ટીલાઇઝર એવો શબ્દ લખેલ ન હોય તો તેવી થેલીમાં ભરેલ પદાર્થ ખરેખર ખાતરને બદલે કોઇ ભળતો પદાર્થ હોઇ શકે અને આવા પદાર્થોની ખાતર તરીકે ખરીદી ન કરવી,વૃધ્ધિ કારકો (ગ્રોથ હોરમોન) સહિત જંતુનાશક દવાના લેબલ ઉપર સેન્ટ્રલ ઇન્સેક્ટીસાઇડ બોર્ડ દ્વારા આપવામાં આવેલ તેનો સી.આઇ.બી. રજીસ્ટેશન નંબર તથા ઉત્પાદન લાયસન્સ નંબર લખેલ ન હોય તેમજ તેના લેબલ ઉપર ૪૫૦ ના ખુણે હીરાના આકારમાં મુકેલ ચોરસમાં બે ત્રિકોણ પૈકી નીચેના ત્રિકોણમાં ચળકતો લાલ, પીળો, વાદળી, કે લીલો રંગ જ્યારે ઉપરના ત્રિકોણમાં તેના ઝેરીપણા અંગેની નિશાની/ચેતવણી લખેલ ન હોય તે વૃધ્ધિકારકો/જંતુનાશક દવાની બોટલ/પાઉચ/પેકેટ/થેલીમાં રહેલ વૃધ્ધિકારકો/ જંતુનાશક દવાની ગુણવત્તાની કોઇ ખાતરી ન હોવાથી આવા વૃધ્ધિકારકો/જંતુનાશકોની ખરીદી કોઇ પણ સંજોગોમાં ન કરવી, આ ઉપરાંત રાસાયણિક ખાતર, બિયારણ અને જંતુનાશક દવાની ગુણવત્તા અંગે કોઇ શંકા કે સંશય હોય તો જિલ્લાના નાયબ ખેતી નિયામક (વિસ્તરણ), મદદનીશ ખેતી નિયામક (ગુ.નિ), ખેતીવાડી અધિકારી(ગુ.નિ.), વિસ્તરણ અધિકારી (ખેતી), અથવા ગ્રામ સેવકનો સપર્ક કરવા.નાયબ ખેતી નિયામક (વિસ્તરણ) લુણાવાડા મહીસાગરની એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

દિવાળી અને નવા વર્ષ નિમિત્તે હાર્દિક શુભેચ્છા...
વંદેલી દૂધ ઉ. સહ. મંડળી લી.
મુ. વંદેલી,
તા.મોરવા(હ)

દિવાળી અને નવા વર્ષ નિમિત્તે હાર્દિક શુભેચ્છા...
નાનીસરણ દુધ ઉ. મંડળી
: ચેરમેન :
વણકર નંદુભાઈ ગોવિંદભાઈ
: સેક્રેટરી :
પટેલ હર્ષદભાઈ કાનજીભાઈ
મુ. નાનીસરસણ,
તા. સંતરામપુર

દિવાળી અને નવા વર્ષ નિમિત્તે હાર્દિક શુભેચ્છા...
લીમડા મુવાડા દુધ ઉ. મંડળી
: ચેરમેન :
શિવાભાઈ લાલાભાઈ પટેલ
: સેક્રેટરી :
વિનોદભાઈ સેવાભાઈ પટેલ
મુ. લીમડા મુવાડા,
તા. સંતરામપુર

દિવાળી અને નવા વર્ષ નિમિત્તે હાર્દિક શુભેચ્છા...
તાજપુરી દુધ ઉ. મંડળી
: ચેરમેન :
દક્ષાબેન કીરીટકુમાર બારીયા
: સેક્રેટરી :
જયસિંહ વીરસિંહ બારીયા
મુ. તાજપુરી,
તા. મોરવા(હ)

દિવાળી અને નવા વર્ષ નિમિત્તે હાર્દિક શુભેચ્છા...
ઘી ડુખળી મહિલા દૂધ ઉત્પાદક સહ. મંડળી
: ચેરમેન :
લલીતાબેન
: સેક્રેટરી :
જગ્દીશભાઈ બુધસિંહભાઈ
મુ. ધાનપુર રોડ,
તા. દે.બારીઆ

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

# દાહોદ તાલુકાના વડબારા ગામની પુત્રવધુ ભુરીબાઈને પદ્મશ્રીથી સન્માનિત

દાહોદ,
ઝાબૂઆ જિલ્લાના વાવડી ગામની પુત્રી અને દાહોદ તાલુકાના વડબારા ગામની પુત્રવધુ ભૂરીબાઈને પદ્મશ્રીથી સન્માનિત કરાયા છે. ભુરીબાઇ નિરક્ષર છે અને બાળપણથી જ રહેતો ઉપર કલાકૃતિઓ કરતી આવી છે. ૪૦ વર્ષ પૂર્વે વડબારા થી ભોપાલ મજુરી કામે ગયેલી ભુરીબાઈને ભારત બહારના નિર્માણ કાર્યમાં જ મંજૂરી મળી હતી. ત્યાં તેમની કલાકારી જોઈને અધિકારીઓએ કેન્વાસ ઉપર ચિત્ર બનાવડાવ્યા ભુરીબાઈ તેમની કલાના બળે આગળ વધતી ગઈ અને ભોપાલમાં જ વસી ગઈ, ભારત ભવનની જે ભીંત બનાવવા માટે મજૂરી કરી હતી. તે ભી તો ઉપર આજે ભુરીબાઇના બનાવેલા ચિત્રો સજી રહ્યા છે. ૧૩ ફેબ્રુઆરીએ ભારત ભવન સ્થાપના દિવસના ૩૯ વર્ષ પૂર્ણ થતા તે ત્યાંની મુખ્ય અતિથિ પણ બની હતી. ભુરીબાઇ એ પોતાના સંસ્મરણો વાગોળતા જણાવ્યું હતું કે, ૧૦ વર્ષની ઉંમર હશે ત્યારે જંગલમાં લાકડા કાપવા


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

માટે જતી હતી. દાહોદ પાસેના અનાસમાં લાકડા કાપ્યા બાદ ભારો માથે મૂકીને તે દાહોદમાં વેચવા માટે આવતી હતી. આ ક્રમ ૧૫ વર્ષની ઉંમર સુધી ચાલ્યો હતો. ત્યારબાદ વડબારા ગામના જોરસી સાથે લગ્ન થયા બાદ થોડો સમય જ વડબારા રોકાઈ હતી અને તેમની સાથે ભોપાલ મજૂરી કરવા માટે જતી રહી હતી. હોળી દિવાળી કે પછી પાક તૈયાર થાય તો તે કાપવા માટે વડબારા આવવાનું થતું ભારત ભવન નિર્માણ માં મજુરી વખતે અમસ્તા જ ભીંતો ઉપર આદિવાસી ચિત્રો બનાવી દેતી હતી. એક દિવસ અમે કામ કરતી મહિલાઓ પાસે વરિષ્ઠ ચિત્રકાર જે સ્વામીનાથન આવ્યા અને તેમણે તમારે ત્યાં લગ્ન કઈ રીતે થાય છે, કયા દેવી-દેવતાને માનો છો, તેમના ચિત્રો બનાવી શકો છો, તેવા પ્રશ્નો કર્યા હતા. બધી મહિલાઓ એના પાડી દીધી હતી, પણ મેં હા પાડી દીધી હતી. ચિત્ર બનાવીએ તો મજૂરીનું શું થશે તેમ પૂછતાં તેમણે કેટલા રૂપિયા મળે છે તેમ કહ્યું હતું.

# લીમખેડાના મોટા હાથીધરા ગામે હસ્તેશ્વર સ્કુલના વોટસએપ ગૃપમાં વિકૃત માનસીકતા ધરાવતા વાલી દ્વારા અશ્લીલ ફોટો ફોરવર્ડ કર્યો

લીમખેડા,
લીમખેડામાં મોટા હાથીધરા ગામની હસ્તેશ્વર સ્કૂલના બાળકોના વાલીઓના વહોટસપ ગ્રુપમાં કોઈ વિકૃત માનસિકતા ધરાવતા વાલી દ્વારા અશ્લીલ ફોટા અને વિડિયો ફોરવર્ડ કરવામાં આવતા ગ્રુપના મહિલા ઓ સહિત તમામ સભ્યોનું શરમથી માથું ઝૂકી ગયું હતું તેમજ આવા અશ્લીલ ફોટા અને વિડિયો થી શાળામાં અભ્યાસ કરતા બાળકો પર તેની વિપરીત અસર પડી હતી.

લીમખેડામા મોટા હાથીધરા ગામે આવેલી હસ્તેશ્વર શાળામાં ભણતા વિદ્યાર્થીઓના વાલીઓના ચાલતા ગ્રુપમાં બાળકોને હોમ વર્ક માટે લેસન ગ્રુપમાં ફોરવર્ડ કરવામાં આવતું હોવાથી મોટાભાગના બાળકો મોબાઈલનો ઉપયોગ કરતા હોય છે પરંતુ આ હસ્તેશ્વર શાળાના ગ્રુપમાં વિકૃત માનસિકતા ધરાવતા વાલી દ્વારા અશ્લીલ પોસ્ટ અને બીભત્સ વીડીયો મુકવામાં આવતા ગ્રુપમાં હોમ વર્ક માટે મોબાઈલ લઈને બેઠેલા કેટલાક બાળકો ઉપર આવા અસલી ફોટા અને વિડીયો જોઈને વિપરીત અસર પડી હતી તેમજ ક્ષોભમા મુકાયા હતા. આવા અશ્લીલ વીડિયો અને ફોટા પોતાના માતા-પિતાને બતાવતા તમામનું માથું શરમથી ઝૂકી ગયું હતું કેટલાક વાલીઓ દ્વારા શાળાના સંચાલકને આ બાબતે અશ્લીલ વીડિયો અને ફોટા મુકવા બાબતે રજૂઆત પણ કરી હોવાનું જાણવા મળ્યું છે. હસ્તેશ્વર શાળાના ગ્રુપમાં કોઈ વાલી દ્વારા અશ્લીલ પોસ્ટ અને વિડિયો ફોરવર્ડ કરતા ભારે કુતૂહલ સર્જાયું હતું વ્હોટસઅપ ગ્રુપમાં અનેક મહિલાઓ સામેલ છે વિકૃત માનસિકતા ધરાવતા વાલી દ્વારા ગ્રુપમાં આવી અશ્લીલ પોસ્ટ અને વિડિયો મુકાતા હસ્તેશ્વર શાળામાં અભ્યાસ કરતા બાળકોના વાલીઓમાં રોષની લાગણી વ્યાપી જવા પામી હતી.

# દિવાળીના તહેવાર વિતી ગયા બાદ પણ દે.બારીયા શહેર સહિત તાલુકાની રેશનીની દુકાનો ઉપર ખાંડનો જથ્થો પહોંચ્યો નથી ?

દે.બારીયા,
દિવાળીના તહેવારો વખતે સરકારના દ્વારા દર દર્ષે રાહત દરે ખાંડ અને કપાસીયા તેલ વિતરણ કરવામાં આવતું હોય છે. આજે દિવાળીનો મુખ્ય તહેવારમાં પણ સાત-સાત દિવસ વિતી ગયા હોવા છતાં પુરવઠા નિગમના દ્વારા સંબંધિત સપ્લાયરે ખાંડ અને કપાસીયા તેલ પહોંચાડયો નથી શું ? આ દિવાળી ગરીબ લાભાર્થીઓને ખાંડ તથા તેલ વગર વંચિત કરી દીધા છે. દર માસે સમય મર્યાદા પસાર થઈ ગયા બાદ રેશનની દુકાન દુકાનો ઉપર ખાંડનો જથ્થો ૨૦ તારીખ બાદ પહોચે છે. તે પણ દુકાનદારને પોતે લેવાનો વારો હોય છે. કોન્ટ્રાકટરના બીજીવારનો ફેરો ખાતો નથી. તેવું દુકાનદારોમાં ગણગણાટ છે.

આ બાબતે જીલ્લા પુરવઠા અધિકારી કોઈ ધ્યાન આપતા નથી. તેવું જણાઈ આવે છે. સાત-આઠ માસથી ઘઉં-ચોખાની સાથે સાથે ખાંડ આપવામાં આવતી નથી. ખાંડ મેળવવા માટે કાર્ડ ધારકોને ધક્કા ખાવા પડે છે અને જેને મળી તેને મળી ગઈ જે રહી ગયા તે રહી ગયા તેવું ચાલી રહ્યું છે ? કારણ દરેક દુકાન દીઠ હપ્તા ચાલે છે. તેવું કાર્ડધારકોમાં ચર્ચા છે. દરેક તાલુકા દીઠ દોઢ થી બે લાખનું ભરણ ભરાય છે. તે પણ એક મોભી દુકાનદાર વચેટીયો બનીને ક્યાં સુધી ગરીબોનું કોળીયા છીનવશો તેવું ગરીબ લાભાર્થીઓ પૂછે છે. દર માસે વિના મુલ્યે તથા મુલ્યના અનાજ ઘઉં-ચોખા સાથે ખાંડ પણ સમય મર્યાદામાં મળે તેવી જીલ્લાના વહીવટી તંત્ર તજવીજ હાથ ધરે તેવી લાભાર્થીઓની માંગ ઉઠવા પામી છે.

# ફતેપુરા નગરમાં ચાલતી ધાર્મિક કથાથી ભક્તિ ભર્યું વાતાવરણ


તસ્વીર : સંજય કલાલ, ફતેપુરા

ફતેપુરા,
રાષ્ટ્રીય સંત ચિન્મયનંદ બાપુ હરિદ્વાર ભકતોને શ્રીમદ ભાગવત મોક્ષ કથા યજ્ઞનું રસપાન કરાવી રહેલ છે. ફતેપુરા ભૂરી બા પાર્ટી પ્લોટ મુકામે કથાનું આયોજન કરવામાં આવેલ છે.

ફતેપુરા નગરમાં શ્રીમદ ભાગવત કથા આઠ દિવસ સુધી ચાલનાર હોય ભકતોમાં અનેરૂ ઉત્સાહ જોવા મળે છે. ફતેપુરા તાલુકાના મુખ્ય મથક ફતેપુરા નગરમાં ધુધસ રોડ પર આવેલ ભૂરી બા પાર્ટી પ્લોટ ખાતે રાષ્ટ્રીય સંત ચિન્મયાનનદબાપુ હરિદ્વાર દ્વારા કથા કરવામાં આવી રહી છે. જેમાં ફતેપુરા નગર સહિતના તાલુકાના ભક્તો કથાનો લાભ મેળવી રહેલ છે. આ કથા નગરમાં આઠ દિવસ સુધી ચાલનાર હોય કથા સાંભળનાર આવનાર ભકતોને કથા પછી ભોજનનું પણ આયોજન કરવામાં આવેલ છે. આ કથાનું આયોજન ફતેપુરા નગરના વેપારી બજરંગલાલ ચિંરજીલાલ અગ્રે દ્વારા કરવામાં આવેલ છે. કથા બપોરના દોઢ વાગ્યાથી સાંજના પાંચ વાગ્યા સુધી કરવામાં આવે છે. હિન્દુ સમાજના સમાજના દરેક વર્ગ તેમજ આજરોજ દાઉદી વ્હોરા સમાજના અગ્રણીઓ દ્વારા પણ કથામાં હાજરી આપતા સદ્દભાવનાનો માહોલ ઊભો થવા પામ્યો હતો. તેમજ ગુરૂદ્વારા આશીર્વચન આપવામાં આવેલ હતા.

# દાહોદના નાની ખરજ ગામે ચાર ઈસમો હથિયારો સાથે ધીંગાણું મચાવ્યું : એક વ્યકિતને ઈજાઓ

દાહોદ,
દાહોદ તાલુકાના નાનીખરજ ગામે અગમ્ય કારણોસર ચાર જેટલા ઈસમો પોતાની સાથે મારક હથિયારો ધારણ કરી એક વ્યકિતના ઘરે આવી બેફામ ગાળો બોલી એકદમ ઉશ્કેરાઈ જઈ માર મારી લોહીલુહાણ કરી શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે ઈજાઓ પહોંચાડી ભારે ધિંગાણું મચાવતાં આ સંબંધે પોલીસમાં ફરિયાદ નોંધાવવા પામી છે.

ગત તા.૧૧મી નવેમ્બરના રોજ નાનીખરજ ગામે ઉચવાસ ફળિયામાં રહેતાં ધમુભાઈ રૂમાલભાઈ ભુરીયા, શત્રુભાઈ રૂમાલભાઈ ભુરીયા, અમલભાઈ રમણભાઈ ભુરીયા, ઉમેશભાઈ ભલુભાઈ ભુરીયાનાઓએ પોતાની સાથે હાથમાં પથ્થરો, કુહાડી વિગેરે જેવા મારક હથિયારો ધારણ કરી પોતાના ગામમાં રહેતાં વિજયભાઈ વાઘજીભાઈ ભુરીયાના ઘરે આવ્યાં હતાં અને અગમ્ય કારણોસર બેફામ ગાળો બોલી એકદમ ઉશ્કેરાઈ ગયાં હતાં અને છુટા પથ્થરો તેમજ કુહાડી વડે વિજયભાઈ, રમેશભાઈ ભીમસીંગભાઈ ભુરીયા, અજયભાઈ વાઘજીભાઈ ભુરીયા તેમજ શૈલેષભાઈ રમેશભાઈ ભુરીયાને માર મારી શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે માર મારી લોહીલુહાણ કરી મારી નાંખવાની ધમકીઓ આપી ભારે ધિંગાણું મચાવતાં આ સંબંધે ઈજાગ્રસ્ત વિજયભાઈ રૂમાલભાઈ ભુરીયાએ દાહોદ તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદ શહેરના જુના ઈન્દૌર હાઈવે રોડ પરથી એક મોટરસાઈકલની ઉઠાંતરી

દાહોદ,
ગત તા.૨ નવેમ્બરના રોજ દાહોદ જિલ્લાના ગરબાડા નગરમાં આઝાદ ચોક વિસ્તાર ખાતે રહેતાં કાળુભાઈ છગનભાઈ મખોડીયા દાહોદ શહેર ખાતે કોઈ કામ અર્થે આવ્યાં હતાં અને પોતાની મોટરસાઈકલ દાહોદ શહેરમાં આવેલ જુના ઈન્દૌર હાઈવે રોડ ખાતેના વિસ્તારમાં સવારના ૭ વાગ્યાના આસપાસ લોક મારી પાર્ક કરી હતી. આ મોટરસાઈકલને કોઈ અજાણ્યા ચોર ઈસમોએ પોતાનો કસબ અજમાવી મોટરસાઈકલનું લોક તોડી ચોરી કરી લઈ નાસી જતાં આ સંબંધે કાળુભાઈ છગનભાઈ મખોડીયાએ દાહોદ શહેર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદ જીલ્લામાં શિક્ષકોના જી.પી. ફંડના કૌભાંડમાં સ્પેશ્યલ ઓડિટ ટીમ દ્વારા દસ્તાવેજોની ચકાસણી શરૂ કરાઈ

દાહોદ,
દાહોદ જિલ્લા શિક્ષણાધિકારી ની કચેરી દ્વારા આશરે ત્રણ કરોડ ઉપરાંતનું કૌભાંડ જી.પી.ફંડના ઉપાડની ચુકવણી માં થયો હોવાનું બહાર આવ્યું છે. જેના પગલે ગાંધીનગર ખાતેથી સ્પેશીયલ ઓડિટ ટીમ દ્વારા હાલમાં જી.પી.ફંડના દસ્તાવેજોની ચકાસણી કરવામાં આવી છે. પ્રારંભિક તપાસમાં માત્ર દોઢસો જેટલા શિક્ષકોના દસ્તાવેજોને ચકાસણીમાં જ રૂપિયા ૩ કરોડનું કૌભાંડ હોવાનું બહાર આવ્યું છે.

દાહોદ ખાતેની લોકલ ફંડ ઓફિસના સહાયક નિરીક્ષક દ્વારા તાજેતરમાં દાહોદ જિલ્લાની માધ્યમિક શિક્ષણ અધિકારી કચેરીના રજૂ કરાયેલા લેઝર અને રજીસ્ટરોની ચકાસણી હાથ ધરાઇ હતી. જેમાં કચેરી દ્વારા ઈસુ કરાયેલા ચેક અને ટ્રેઝરી પાસબુક ની એન્ટ્રી માં કેટલીક અનિયમિતતા જણાઇ હતી. આથી ઝીણવટ ભરી તપાસ હાથ ધરાતા વટાવેલ રકમ અને મંજુર કરેલ ઉપાડ ની રકમ જે-તે કર્મચારીના ખાતામાં રહેલી સિલક માંથી બાદ ન કરેલ હોવાનું જણાવ્યું હતું. તપાસ દરમિયાન સિલક અને વ્યાજની રકમ મા તફાવત અને અનિયમિતતા જણાઈ આવી હતી. તથા કર્મચારી ને વધુ ચૂકવણી થઈ હતી. આ પ્રોવિડન્ટ ફંડના નાણા ની વ્યાજ સહિત પૂર્ણ ગણતરી કરાઈ હતી. આ ગણતરી દરમિયાન વર્ષ ૨૦૦૬ -૭થી ૨૦૧૭ -૧૮ દરમિયાન જી.પી.ફંડ ના શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓના ઉપરના ઓડિટ દરમિયાન આ કૌભાંડ હાથ ધરાઈ હોવાનું જણાવ્યું હતું કે હાલ દાહોદ લોકલ ફંડ ની કચેરી ના સહાયક નિરીક્ષક રાજ ગર્ગની આગેવાની હેઠળ પણ ઓડિટ ચાલુ કરવામાં આવ્યું છે.

# દેવગઢ બારીયાના રમતગમત સંકુલ ખાતે નિરામય ગુજરાત અંતર્ગત જિલ્લા કક્ષાનો કાર્યક્રમ યોજાયો

દે.બારીયા,
બિનચેપી રોગોને ઉગતા જ ડામવા માટે નિદાનથી લઈને સારવાર સુધીની આરોગ્યસેવાઓ વિનામૂલ્યે જનજન સુધી પહોંચતા કરવાના મહાઅભિયાન નિરામય ગુજરાતનો દાહોદ જિલ્લામાં વિધાનસભાના દંડક રમેશભાઇ કટારાએ દેવગઢબારીયા ખાતેથી પ્રારંભ કરાવ્યો હતો. નિરામય ગુજરાત મહાઅભિયાન થકી રાજ્ય સરકારે જનઆરોગ્ય પ્રત્યેની પોતાની પ્રતિબદ્ધતા વધુ એક વાર દર્શાવી છે તેમ દંડક કટારાએ જણાવ્યું હતું.


તસ્વીર : મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

તેમણે જણાવ્યું કે, રાજ્યના ૩૦ થી વધુ ઉંમરના ૩ કરોડ લોકોને આ યોજના અંતર્ગત નિદાનથી લઈને સારવાર સુધીની તમામ આરોગ્ય સેવાઓ નિઃશુલ્ક આપવામાં આવશે. આ અભિયાન અંતર્ગત ડાયાબિટીસ, બલ્ડપ્રેશર, હૃદય રોગ, મોઢાનું, સ્તન તેમજ સર્વાઇકલ કેન્સર જેવા બિનચેપી રોગોથી પણ નાગરિકો દૂર રહે તે માટે આ અભિયાન પ્રારંભ કરવામાં આવ્યું છે. રોગના પ્રારંભિક સમયમાં જ જો તેનું નિદાન થઇ જાય તો ઝડપથી વ્યક્તિને સ્વસ્થ કરવામાં સફળતા મળે છે. આ માટે દરેક શુક્રવારે નિરામય દિવસ તરીકે નાગરિકોના નિદાન-સારવાર કરવામાં આવશે.

તેમણે જણાવ્યું કે, વ્યક્તિની જીવનશૈલીની તેના સ્વાસ્થ્ય ઉપર ખૂબ મોટી અસર થાય છે. માટે જીવનશૈલીમાં પણ આમુલ પરિવર્તન લાવવું જરૂરી છે. રાજ્ય સરકાર નિરામય ગુજરાત અભિયાનનો પ્રારંભ કર્યો છે ત્યારે જિલ્લાના નાગરિકો પણ આ યોજનાનો મોટી સંખ્યામાં લાભ લે. આયુષ્યમાન ભારત યોજના અંતર્ગત ગરીબ વ્યક્તિઓની રૂ. ૫ લાખ સુધીની નિઃશુલ્ક સારવાર કરવામાં આવે છે. માટે સૌએ યોજનાઓ પ્રત્યે જાગૃક બની તેનો વધુમાં વધુ લાભ લેવો જોઇએ.

પૂર્વમંત્રી અને ધારાસભ્ય બચુભાઇ ખાબડે આ પ્રસંગે જણાવ્યું કે, નિરામય ગુજરાત બને એ રાજ્ય સરકારનો દ્રઢ સંકલ્પ છે. ત્યારે નાગરિકોએ પણ આ યોજનાનો લાભ લેવો જોઇએ. જિલ્લામાં ૩૦ હજારથી વધુ લોકોએ આયુષ્યમાન માં યોજના અંતર્ગત રૂ. ૫૧ કરોડની સારવાર કરવામાં આવી છે. માટે આ કાર્ડ પણ લોકોએ વહેલી તકે લઇ લેવું જોઇએ.

કાર્યક્રમ સ્થળે નિરામય દિવસ અંતર્ગત આરોગ્યકેમ્પ યોજવામાં આવ્યો હતો. જેમાં કોવીડ વેક્સિન તેમજ આયુષ્યમાન કાર્ડ થી લઇને ડાયાબિટીશ, બ્લડપ્રેશર, માનસિક રોગ જેવા રોગોના નિદાન અને સારવારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત લાભાર્થીઓને નિરામય કાર્ડ તેમજ ડીજીટલ હેલ્થ હેલ્થ આઇ.ડી., તેમજ આયુષ્યમાન કાર્ડ આપવામાં આવ્યા હતા. તેમજ રક્તદાન કેમ્પનું પણ આયોજન કરાયું હતું.

આ વેળાએ કલેક્ટર ડો. હર્ષિત ગોસાવી, જિલ્લા વિકાસ અધિકારી તેજસ પરમાર, આરોગ્ય સમિતિના ચેરમેન અશ્વિનભાઇ, દેવગઢ બારીયા નગરપાલિકા પ્રમુખ ડો. ચાર્મીબેન, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી પટેલ તેમજ જિલ્લા અને તાલુકા પંચાયતના સભ્યઓ, અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

# પશુ દવાખાના દ્વારા તાત્કાલિક સારવાર મળતા સંજેલીના પિછોડા ગામે પશુઓનો બચાવ થયો



દાહોદ,
રાજય સરકારના દસ ગામ દીઠ પશુદવાખાનાની યોજના અંતર્ગત છેવાડાના ગામોના પશુપાલકોને પણ પોતાના પશુઓ માટે સમયસર સારવાર મળી રહી છે. પશુપાલકો ૧૯૬૨ નંબર ડાયલ કરીને આ સેવા મેળવી શકે છે. દાહોદનાં સંજેલીના પિછોડા ગામના પશુપાલકે ફોન દ્વારા મદદ માગતાં ભયંકર આગમાં દાઝી ગયેલા તેમના પશુઓને સમયસર સારવાર મળતાં બચાવ થયો છે.

દાહોદના સંજેલી તાલુકાના પિછોડા ગામમા મોહનભાઈ સુરસિંગભાઈના વાડામાં અચાનક આગ લાગતા તેમણે ૧૯૬૨ નંબર ઉપર ફોન કરીને મદદ માંગી હતી. પિછોડા ગામામાં દસ ગામદીઠ એક પશુદવાખાના અંતર્ગત એમ્બ્યુલન્સ ફાળવાયેલી છે, જયાં નજીકના દસ ગામ આવરી લેવામાં આવ્યા છે. આ ફરતા પશુ દવાખાનામાં કાર્યરત ડો. કેયુર સોલંકી અને પાયલોટ અજય વણઝારા બપોરે તેમના શિડ્યુલ મુજબ કલ્યાણપુરા ગામે વિઝિટ લીધી હતી. જયાં મોહનભાઈનો ફોન આવતાં વાડામાં આગથી ઘવાયેલા ઢોરની સારવાર માટે તેઓ તાત્કાલિક પહોંચી ગયા હતા. આ આગમાં એક ગાય તુરત જ મૃત્યુ પામી હતી. જયારે વાછરડું તથા એક ભેંસને સમયસર સારવાર આપતાં બચાવી લેવામાં આવી હતી.

# સંજેલીની વાણીયાઘાટી ગામે ઘર પાછળ બાંધેલ વાછરડીનું દિપડાએ મારણ કરતાં ફફડાટ દિપડાને પાંજરે પુરવો જરૂરી

સંજેલી,
દાહોદ જિલ્લાના સંજેલી તાલુકાના વાણીયાઘાટી ગામે એક ઘરની પાછળની ભાગે બાંધી રાખેલ એક વાછરડાને વન્યપ્રાણી દિપડાએ સાંજના સમયે આવી વાછરડા ઉપર હુમલો કરી મારણ કરી ઉપાડી લઈ જતાં આ અંગેની જાણ ગ્રામજનોમાં થતા ગ્રામજનોમાં દિપડાના આતંદને પગલે ફફટા ફેલાઈ જવા પામ્યો હતો. આ મામલાની જાણ સ્થાનીક વન વિભાગના કર્મચારીઓને થતાં વન વિભાગના કર્મચારીઓ પણ ઘટના સ્થળે દોડી આવ્યાં હતાં અને જરૂરી તપાસ હાથ ધરી છે.

ગત તા.૧૦મી નવેમ્બરના રોજ વાણીયાઘાટી ગામે રહેતાં ભુરીબેન કડકીયાભાઈ ભમાતે તેમના ઘરની પાછળના ભાગે એક વાછરડું બાંધી રાખ્યું હતું. અંદાજે લગભગ સાંજના પાંચેક વાગ્યાના આસપાસ વન્યપ્રાણી દિપડો ભુરીબેનના ઘરની આસપાસ આવ્યો હતો અને બાંધી રાખેલ વાછરડા ઉપર જીવલેણ હુમલો કર્યો હતો. હુમલો કર્યા બાદ વાછરડાનું મારણ કરી તેને ઉપાડી લઈ ગયો હતો. આ અંગેની જાણ ભુરીબેન તથા તેમના પરિવારજનોને થતાં તેઓએ બુમાબુમ કરી મુકી હતી અને આસપાસના લોકો દોડી આવ્યાં હતાં. મારણ કરેલ વાછરડાને થોડે દુર મુકી દિપડો નાસી ગયો હતો. દિપડાના આતંકને પગલે ગ્રામજનોમાં પણ ફફડાટ ફેલાઈ જવા પામ્યો હતો. આ અંગેની જાણ સ્થાનીક વન વિભાગના કર્મચારીઓને થતાં વન વિભાગના કર્મચારીઓ પણ તાબડતોડ ઘટના સ્થળે દોડી આવ્યાં હતાં. મારણ થયેલ વાછરડાના માલિક દ્વારા વળતરની માંગ સાથે રજુઆત પણ કરી હોવાનું જાણવા મળી રહ્યું છે.

## સ્ટેટ વિજિલન્સ સ્કવોર્ડે ઝડપી પાડેલા લાખ્ખો રૂપિયાના શરાબ પ્રકરણના સપાટામાં....

# દે.બારીઆ વિધાનસભાની ગત ચૂંટણીમાં કોંગ્રેસના પરાજિત ઉમેદવારના ભાઈનો વોન્ટેડ યાદીમાં સમાવેશ થતા રાજકીય માહૌલ ગરમાયો..!!

દાહોદ,
ગુજરાતમાં ચુસ્ત દારૂબંધીના અમલની વાતોમાં બુટલેગરોનું સામ્રાજ્ય સલામત હોવાના વધુ એક કારનામાઓનો પર્દાફાશ સ્ટેટ વિજિલન્સ સ્કવોર્ડના પોલીસ અધિકારીઓ દ્વારા દે.બારીઆ નગર. માંથી લાખ્ખો રૂપિયાનો વિદેશી શરાબના જથ્થા સાથે પાયલોટીંગ કાર સમેત ચાર ક્રુઝર ગાડીઓને "ભેદ" દરવાજા પાસે આડશ ઉભી કરીને જે ગુપ્ત ઓપરેશન પાર પાડ્યુ આ સ્ટેટ વિજિલન્સ સ્કવોર્ડના સપાટાથી દે.બારીઆની સ્થાનિક પોલીસ અને દાહોદ જિલ્લા પોલીસ તંત્ર અંદરખાને પરસેવે રેબઝેબ તો થઈ ગયું જ હશે



પરંતુ સ્ટેટ વિજિલન્સ સ્કવોર્ડની ફરીયાદના વોન્ટેડ આરોપીઓમાં દે.બારીઆ વિધાનસભા બેઠકની ગત ચૂંટણીના કોંગ્રેસના પરાજિત ઉમેદવાર ભરત વાખળાના ભાઈ ઈશ્વર વાખળા નું નામ બહાર આવતા દે.બારીઆ વિધાનસભા બેઠકનો રાજકીય માહૌલ પણ ગરમાયો છે.સાથોસાથ લાખ્ખો રૂપિયાના ઝડપાયેલા આ વિદેશી શરાબના જથ્થા સંદર્ભમાં દામાવાવ પોલીસ ચોકી પાસે જ રહેતા બાબુ ચોટલીને પણ વોન્ટેડ જાહેર કરવામાં આવતા બુટલેગરોની અંધારી આલમ અને રાજકીય ક્ષેત્રે પણ ભારે ખળભળાટ પ્રસરી જવા પામ્યો છે.!!

આંતર રાજ્ય સરહદોને અડીને દાહોદ જિલ્લાના અંતરીયાળ માર્ગો ઉપરથી મધ્ય ગુજરાતમાં વિદેશી શરાબનો જથ્થો પસાર થઈ રહયો હોવાની ચોક્કસ બાતમીના આધારે સ્ટેટ વિજિલન્સ સ્કવોર્ડના ચુંનદા પોલીસ કર્મચારીઓએ દે.બારીઆના પ્રવેશદ્વાર એવા ભે દરવાજા પાસે વહેલી સવારે આડશો ઉભી કરીને પાયલોટીંગ કરી રહેલ સ્કોર્પિયો ગાડી સમેત ચાર ક્રુઝર ગાડીઓ આંતરીને અંદાઝે ૨૨ લાખ રૂપિયાની કિંમતની વિદેશી શરાબની ૧૮૨૭૪ બોટલોનો જંગી જથ્થો ઝડપી પાડતા દે.બારીઆ પોલીસ સ્ટેશનનું પરિસર શરાબની પેટીઓથી છલોછલ થઈ ગયું હોવાના દ્રશ્યો દેખાતા હતા.!! જો કે સ્ટેટ વિજિલન્સ સ્કવોર્ડના સત્તાધીશોએ લાખ્ખો રૂપિયાના આ વિદેશી શરાબના જથ્થામાં ૧૫ જેટલા વોન્ટેડ આરોપી ઓનો નામ જોગ ઉલ્લેખ કર્યો છે એમા ૧૩ નંબરના ધાનપુર તાલુકાના લખણા ગોજીયા ગામના ઈશ્વર પ્રતાપભાઈ વાખળાના નામનો ઉલ્લેખ છે. આ ઈશ્વર વાખળા દે.બારીઆ વિધાનસભા બેઠકની ગત ચૂંટણીમાં કોંગ્રેસના પરાજિત ઉમેદવાર ભરત વાખળાના ભાઈ હોઈ રાજકીય માહૌલની ચર્ચાઓ પણ ભારે ગરમ બની છે.!! જો કે ગુજરાતમાં ચુસ્ત દારૂબંધીના અમલમાં બુટલેગરોની ગાડીઓ લાખ્ખો રૂપિયાના વિદેશી શરાબના જથ્થા સાથે અંતરિયાળ રસ્તાઓ ઉપર પુરઝડપે બિન્દાસ્ત પસાર થાય અને સ્થાનિક પોલીસ તંત્રને સહેજપણ જાણ ના થાય આ શક્ય નથી જ આ બાબતનો પર્દાફાશ જ્યારે સ્ટેટ વિજિલન્સ સ્કવોર્ડે કર્યો છે. ત્યારે વોન્ટેડ આ બુટલેગરોની સિન્ડિકેટના ચહેરાઓ જ્યારે ઝડપાશે ત્યારે ચોંકાવનારા રહસ્યો બહાર લાવવા માટે વિજિલન્સ સ્કવોર્ડના સત્તાધીશોએ પૂછપરછો કરે આ જરૂરી છે.!!

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.69

4 | તા.૧૩/૧૧/૨૦૨૧ શનિવાર

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

# પંચમહાલ જીલ્લામાં મચ્છરજન્ય રોગચાળાનો ભરડો

# આરોગ્ય વિભાગના આંકડા મુજબ સિઝનમાં ડેન્ગ્યુના ૩૭૧ અને ચીકનગુનીયાના ૬૦ કેસ નોંધાયા

ગોધરા,

પંચમહાલ જીલ્લામાં મચ્છરજન્ય અને વાયરલ બિમારી ભરડો લઈ રહી છે. જીલ્લામાં છેલ્લા એક સપ્તાહમાં ૧ ડેન્ગ્યુ અને ૧૮ ચીકનગુનીયાના કેસ નોંધાવા પામ્યા છે. ખાનગી દવાખાના અને સરકારી હોસ્પિટલમાં દર્દીઓ ઉભરાઈ રહ્યા છે. જીલ્લામાં વધતા જતાં ચીકનગુનીયા અને ડેન્ગ્યુના કેસને આરોગ્ય વિભાગ હરકતમાં આવ્યું.

પંચમહાલ જીલ્લામાં મચ્છરજન્ય રોગો તેમજ વાયરલ બિમારીઓ ભરડો લઈ રહ્યો છે. જીલ્લામાં વધી રહેલા મચ્છરજન્ય રોગચાળાને લઈ જીલ્લા આરોગ્ય તંત્ર દ્વારા પગલાં ભરવામાં આવતા હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે. પંચમહાલ જીલ્લામાં છેલ્લા એક સપ્તાહમાં ડેન્ગ્યુના ૧૮ કેસ નોંધાવા પામ્યા છે. જ્યારે ૧ કેસ ચીકનગુનીયાનો નોંધાવા પામ્યો છે. ડેન્ગ્યુના કેસમાં ગોધરા-૧૦, શહેરા-૧, હાલોલ-૧, કાલોલ-૬ નોંધાવા પામ્યા છે. ડેન્ગ્યુ અને



ચીકનગુનીયા જેવા રોગોને લઈ ખાનગી દવાખાનાઓ અને સરકારી હોસ્પિટલોમાં દર્દીઓ ઉભરાઈ રહ્યા છે. પંચમહાલ જીલ્લા આરોગ્ય વિભાગના આંકડા મુજબ જીલ્લામાં ડેન્ગ્યુના ૩૭૧ કેસ જ્યારે ચીકનગુનીયાના ૬૦

**પંચમહાલ જીલ્લામાં સપ્તાહમાં નોંધાયેલ ડેન્ગ્યુના કેસ**
ગોધરા-૧૦, હાલોલ-૦૧, શહેરા-૦૧, કાલોલ-૦૬.

કેસ નોંધાવા પામ્યા છે. જીલ્લાની હોસ્પિટલોમાં ડેન્ગ્યુના કેસમાં હાલ સતત વધારો થઈ રહ્યો છે. બાળકોમાં પણ ડેન્ગ્યુ અને વાયરલ રોગચાળાના ભરડામાં આવી રહ્યા છે.

ગોધરા સિવિલ હોસ્પિટલમાં મચ્છરજન્ય રોગચાળાના દર્દીઓ વધી રહ્યા છે. હોસ્પિટલમાં મેઈલ-ફિમેલ અને પીડીયાટ્રીક વોર્ડમાં વધારો થઈ રહ્યો છે. ૨૦ પથારી ધરાવતા પીડીયાટ્રીક વિભાગમાં ૬૦ જેટલા બાળકો સારવાર લઈ રહ્યા છે. જીલ્લામાં મેલેરીયા કેસોની સંખ્યાની સામે ડેન્ગ્યુના કેસોની સંખ્યા ચિંતાજનક વધી રહી છે. તેમ જીલ્લા આરોગ્ય અધિકારી દ્વારા જણાવવામાં આવી રહ્યું છે. ડેન્ગ્યુના રોગને કાબુમાં લેવા માટે જનજાગૃતિ કાર્યક્રમો અને અસરગ્રસ્ત વિસ્તારોમાં ફોંગીગની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. જીલ્લાના આરોગ્ય વિભાગ દ્વારા દાવો કરવામાં આવી રહ્યો છે.

> જીલ્લામાં વધતા જતા ડેન્ગ્યુના રોગચાળાને જોતા આરોગ્ય વિભાગ ચિંતીત રહ્યું છે અને જનજાગૃતિ કાર્યક્રમ ચલાવવામાં આવી રહ્યો છે. ડેન્ગ્યુ ફેલાવતા મચ્છરો ચોખા પાણીમાં ઉત્પન્ન થતા હોય છે. ડેન્ગ્યુ જેવા જીવલેણ રોગથી બચવા માટે લોકો જાગૃતિ રાખે તે જરૂરી છે.

## પંચમહાલ જીલ્લામાં ચાર મહિના બાદ ૧ કોરોના કેસ નવો નોંધાયો

- ૬૦ વર્ષીય પુરૂષને સારવાર માટે સિવિલમાં લવાયો.

પંચમહાલ જીલ્લામાં છેલ્લા ૪ મહિના સુધી કોરોના કેસ નોંધાતા ન હોવાની જીલ્લા વહીવટી તંત્ર અને આરોગ્ય વિભાગ રાહતનો શ્વાસ લીધો હતો. ત્યારે લાંબા ગાળા બાદ પંચમહાલ જીલ્લામાં ૧ કોરોના પોઝીટીવ કેસ નોંધાવા પામ્યો છે. કોરોનાનો એક કેસ નવો નોંધાતા આરોગ્ય વિભાગ ચિંતીત બન્યું છે. પંચમહાલ જીલ્લામાં છેલ્લા ચાર માસ થી એક પણ કોરોના કેસ નહી નોંધાતા આરોગ્ય વિભાગે રાહતનો શ્વાસ લીધો હતો પરંતુ ચાર મહિના લાંબા વિરામ બાદ ગોધરા તાલુકાના સાંપા ગામના ૬૦ વર્ષીય પુરૂષ કોરોના પોઝીટીવ આવતાં સારવાર અર્થે ગોધરા સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. જીલ્લામાં લાંબા સમય બાદ કોરોના કેસ નોંધાતા આરોગ્ય વિભાગ ચિંતીત બન્યું છે.

## શહેરા પાલિકા ટાઉન હોલ ખાતે ગુજરાત અભિયાન જીલ્લાકક્ષાનો કાર્યક્રમ યોજાયો

શહેરા,

શહેરા નગર પાલિકાના ટાઉન હોલ ખાતે વિધાનસભા ગૃહના ઉપાધ્યક્ષ, જિલ્લા કલેક્ટર તેમજ આરોગ્ય અધિકારીની ઉપસ્થિતિમાં નિરામય ગુજરાત અભિયાનનો જિલ્લા કક્ષાનો લોન્ચિંગ કાર્યક્રમ યોજાયો હતો. યોજાયેલ મેગા કેમ્પમાં વડોદરા, ગોધરાના ૧૫થી વધુ નિષ્ણાંત તબીબોની દસ જેટલી સેવાઓનો લાભ નાગરિકોએ લીધો હતો.




તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા નગરપાલિકાના ટાઉનહોલ ખાતે વિધાનસભાગૃહના ઉપાધ્યક્ષ અને જિલ્લા કલેકટરની ઉપસ્થિતિમાં નિરામય ગુજરાત અભિયાનનો જિલ્લા કક્ષાનો લોન્ચિંગ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં વિધાનસભા ગૃહના ઉપાધ્યક્ષ તેમજ જિલ્લા કલેકટર, આરોગ્ય અધિકારી સહિત ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે દીપ પ્રાગટ્ય કરીને આ મેગા કેમ્પ નાગરિકો માટે ખુલ્લો મુકવામાં આવ્યો હતો. ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે લાભાર્થીઓને નિરામય કાર્ડ, ડિજિટલ હેલ્થ આઈ.ડી., મા વાત્સલ્ય કાર્ડ, પીએમજેએવાય કાર્ડ તેમજ તબીબો-નર્સીસ, મેડિકલ ઓફિસરો સહિતના કોરોના વોરિયર્સને સુંદર કામગીરી બદલ સન્માનપત્રોનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત, ઉપસ્થિત લોકોને નિરોગી રહેવા માટેના શપથ પણ લેવડાવવામાં આવ્યાં હતા. આ મેગા કેમ્પમાં વડોદરા ગોત્રી મેડિકલ કોલેજ અને ગોધરાનાં કુલ ૧૫ જેટલા નિષ્ણાંત તબીબોની દસ જેટલી ઉપલબ્ધ સેવાઓનો લાભ નાગરિકોએ લીધો હતો. કાર્યક્રમને સંબોધતા વિધાનસભાના ઉપાધ્યક્ષએ જણાવ્યું હતું કે, આજના દોડધામભર્યા વિશ્વમાં બદલાતી જતી જીવનશૈલી અને ખાન-પાનની આદતોનાં કારણે વધુને વધુ લોકો હાઈપર ટેન્શન, હૃદયરોગ, ડાયાબિટીઝ, કિડનીની બિમારી જેવા રોગોનો ભોગ બની રહ્યા છે. મોટા ભાગના લોકોને લાંબા સમય સુધી આ રોગોથી પોતે પીડિત છે કે કેમ તેનો ખ્યાલ પણ આવતો નથી. તેથી ઘણીવાર આવા રોગો ગંભીર અને જાનલેવા બની જાય છે. આ પ્રકારના રોગોનું પ્રાથમિક તબક્કે જ સ્કીનીંગ થઈ જાય અને તપાસ નિદાનથી લઈને રોગ સંપૂર્ણ મટી જાય ત્યાં સુધીની સઘન સારવાર વિનામૂલ્યે આપવા રાજ્યના ૩૩ જિલ્લા અને ૮ મહાનગરપાલિકા વિસ્તારમાં આ નિરામય ગુજરાત કાર્યક્રમની એક સાથે શરૂઆત કરીને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે એક જબરજસ્ત સ્વાસ્થ્યલક્ષી કાર્યક્રમની શરૂઆત કરી છે. આ કાર્યક્રમ દ્વારા ૩૦ વર્ષથી વધુ ઉંમરના રાજ્યનાં ત્રણ કરોડ લોકોને લાભ મળવાનો છે, તેમજ આ કેમ્પોમાં તજજ્ઞ ડોક્ટરો દ્વારા બિન ચેપી રોગની સારવાર ઉપલબ્ધ બનવાની છે. ત્યારે વધુને વધુ લોકો તેનો લાભ લે તેવી અપીલ તેમણે કરી હતી. આ અભિયાનમાં આરોગ્ય તપાસ દરમિયાન જો કોઈને હૃદયરોગ, કેન્સર જેવા ગંભીર રોગ જણાશે તો માત્ર નિદાન કરીને સરકાર છોડી દેવાની નથી, પરંતુ ફોલોઅપ, ટ્રીટમેન્ટ અને પૂર્ણતઃ સાજા થવા સુધી સરકાર સતત પડખે રહેવાની છે. ત્યારે જિલ્લાના તમામ નાગરિકો આ અભિયાનમાં જોડાય, આરોગ્ય વિભાગની સ્ક્રિનીંગ સહિતની પ્રવૃતિઓમાં સક્રિય સહયોગ આપે તેમજ નિરામય શહેરા, નિરામય પંચમહાલ અને નિરામય ગુજરાતનાં નિર્માણનાં ધ્યેયને પૂર્ણ કરવામાં સહભાગી થાય તેવી અપીલ વિધાનસભા ગૃહના ઉપાધ્યક્ષએ કરી હતી. સાથે તેમણે ઉમેર્યુ હતું કે, ટૂંક સમયમાં શહેરા સી.એચ.સીના મકાનનું ખાતમૂહુર્ત કરવામાં આવશે તેમજ આ જનસુખાકારીને ધ્યાનમાં રાખીને આ સી.એચ.સી ખાતે ૩૦ પથારીની ક્ષમતા વધારીને ૫૦ પથારીની કરવા સરકારે મંજૂરી આપી છે. આ પ્રસંગે નગરપાલિકા પ્રમુખ, તાલુકા પંચાયત પ્રમુખ, જિલ્લા પંચાયતના પદાધિકારીઓ, પ્રાંત અધિકારી, સહિતના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહયા હતા.

## પંચમહાલ જીલ્લા કોંગ્રેસ દ્વારા સ્નેહ મિલન અને કારોબારી બેઠક મળી

ગોધરા,

પંચમહાલ જિલ્લાના ગોધરા વિધાનસભા ક્ષેત્રના ગોધરા તાલુકા અને ગોધરા શહેર કોંગ્રેસ દ્વારા નવા વર્ષનો સ્નેહમિલન સમારંભ અને કાર્યકર વિસ્તૃત કારોબારી બેઠક ગોધરા અભિરાજ ફાર્મ ખાતે યોજાયેલ. જેમાં આગામી સમયમાં યોજાનાર જનજાગરણ કાર્યક્રમ, સભ્ય નોંધણી ઝૂંબેશ, આગામી ગ્રામ પંચાયત અને વિધાનસભા ચૂંટણી સંબંધે ઉપયોગી વિચારણા અને માર્ગદર્શન આપવામાં આવેલ હતું. પંચમહાલ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ અજીતસિંહ ભટ્ટી અને પ્રદેશ મંત્રી રફિકભાઈ તિજોરી વાલાની ઉપસ્થિતિમાં તથા પૂર્વ ધારાસભ્ય



રાજેન્દ્રસિંહ પરમારના માર્ગદર્શન પ્રમાણે યોજાયેલ વિસ્તૃત કારોબારીમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસના વિવિધ આદેશોનું પાલન કરી ગામડાંના છેવાડાના વિસ્તાર સુધી સભ્ય નોંધણી ઝુંબેશ, કેન્દ્ર રાજ્ય સરકારની નિષ્ફળતાઓને ઉજાગર કરવા જેવી કામગીરી કરવા આહવાન કરવામાં હતું. ગોધરા તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખ આર.એન. પટેલ, ગોધરા શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ સિદ્દીક ડેની, નિરીક્ષક ભુપેન્દ્રસિંહ ખેર સાજીદ વલી, ઈમ્તિયાઝ સુજેલા, રાજેશ હડીયલ, આબિદ શેખ, હિમાંશુ પંડ્યા, માનસિંહ પટેલ, મહેફુજ પટેલ સહિતના આગેવાનોએ માર્ગદર્શન પુરૂ પાડેલ હતું અને ૧૮ વર્ષના નવા યુવાઓને કોંગ્રેસના સભ્ય બનાવી સભ્ય નોંધણી લોન્ચિંગ કરવામાં આવેલ હતું. સમગ્ર ગોધરા તાલુકા કોંગ્રેસ, ગોધરા શહેર કોંગ્રેસ માંથી મોટી સંખ્યામાં કાર્યકરો આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

## ગોધરા તાલુકાના ભલાણીયા ગામમાં સેવા સેતુ કાર્યક્રમ યોજાયો

ગોધરા,

રાજ્યના છેવાડાના માણસોની નાની નાની સમસ્યાઓનું સ્થળ ઉપર નિવારણ થાય તે માટે રાજ્ય સરકારે સેવા સેતુ કાર્યક્રમરૂપી મહા અભિયાન સમગ્ર રાજ્યમાં આરંભ્યું છે. જેમાં ૫૬ જેટલી સેવાઓ સાથે સાતમી શૃંખલાના સેવાસેતુ કાર્યક્રમ દ્વારા રાજ્યના નાગરિકોને સરકારની કલ્યાણકારી યોજનાઓ સહિત મહત્વના દસ્તાવેજો ઘર આંગણે પ્રાપ્ત થાય તે માટે નવતર અભિગમ હાથ ધર્યો છે. ગરીબ અને વંચિત દિકરા-દિકરીઓના આરોગ્ય, શિક્ષણથી લઇ તમામ બાબતોની ચિંતા સરકાર કરે છે. ત્યારે આ સેવા સેતુ દ્વારા છેવાડા વિસ્તારના ગરીબ




લોકોનો હાથ પકડીને સંવેદનશીલતા સાથે તેમના પ્રશ્નો સમસ્યાઓનું નિરાકરણ કરવામાં આવી રહ્યું છે.

આ વેળાએ ગોધરા તાલુકાની વિવિધ કચેરીઓના અધિકારી, કર્મચારીઓ, સ્થાનિક પદાધિકારીઓ તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## હાલોલના ધોળીકુઈ વિસ્તારમાં આતંક મચાવતા દિપડાને વનવિભાગ દ્વારા રેસ્કયુ કરાયો

હાલોલ,

હાલોલ તાલુકાના ધોળીકુઈ ગામ સહિત આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં દિપડાએ છેલ્લા ઘણા દિવસથી આતંક મચાવ્યો હતો. જેમાં ગ્રામ્ય વિસ્તારની રહિશોના પશુઓનો શિકાર કરી દિપડો મારણ કરતા સમગ્ર પંથકમાં ભયની સાથે ફફડાટની લાગણી વ્યાપી હતી.

આ વિસ્તારમાં દિપડો આતંક મચાવી પશુઓનુ મારણ કરતો હોવા અંગેની જાણ વન્યપ્રાણી રેંજના આર.એફ.ઓ.આર.એન.પુવારને કરવામાં આવતા તેઓ જિલ્લામાં જીવ દયાનુ કામ કરતા રિપલ પટેલ સહિત તેઓની ટીમને જાણ કરતા રિપલ પટેલની ટીમ કમલેશભાઈ સોલંકી, સુનીલ દરજી, રામકૃષ્ણ સોલંકી, તથા હસમુખભાઈ ગોહિલ તેમજ શિવરાજપુર વનવિભાગના પૃથ્વીરાજ ચૌહાણ અને યોગેશભાઈ ભુતે દિપડાને ઝડપી પાડવા સંયુકત ઓપરેશન હાથ ધરવામાં આવ્યુ હતુ. જેમાં ધોળીકુઈ ગામે દિપડાને ઝબ્બે કરવા પાંજરૂ ગોઠવવામાં આવ્યુ હતુ. જેમાં શિકારની શોધમાં નીકળેલ દિપડો પાંજરે પુરાઈ ગયો હતો. દિપડો પાંજરે પુરતા ધોળીકુઈ સહિત આસપાસના ગ્રામ્ય વિસ્તારની પ્રજાજનોમાં હાશકારો અનુભવ્યો હતો.

## ગોધરા LCB પોલીસ MP કઠીવાડાના આર્મ્સ એકટ, ચોરી અને પ્રોહિબીશનના ૪ વોન્ટેડને ઝડપી પાડયા

ગોધરા,

ગોધરા એલ.સી.બી. પોલીસે બાતમીદારો દ્વારા મળેલ બાતમીના આધારે એમ.પી. અલીરાજપુર જીલ્લાના કડીવાડા ગામે આર્મ્સ એકટ અને ચોરી, પ્રોહિબીશનના ગુનામાં વોન્ટેડ ચાર આરોપીઓને ઝડપી પાડવામાં આવ્યા. પ્રાપ્ત વિગતો પ્રમાણે એમ.પી. અલીરાજપુર જીલ્લાના કઠીવાડા ગામેથી આર્મ્સ એકટ, ચોરી અને પ્રોહિબીશન ગુનામાં વોન્ટેડ આરોપીઓ અંગે ગોધરા એલ.સી.બી. પોલીસને બાતમી મળી હતી. બાતમીના આધારે ગોવિંદભાઈ નાયકાભાઈ ઉર્ફેનાનકા, ભીલાલા (રાઠવા) ઉ.વ.૨૯ રહે.મુલજીપુરા પટેલ



ફળીયુંતા.કઠ્ઠીવાડા જી.અલીરાજપુર (મધ્યપ્રદેશ), વેચલાભાઈ ગોટીભાઈ ભીલાલા ઉ.વ.૨૪ રહે. જબાનીયા પટેલ ફળીયુંતા.કઠ્ઠીવાડા, જી.અલીરાજપુર (મધ્યપ્રદેશ), દામાવાવ, રેમતાભાઈ મથુરભાઈ રાઠવા ઉ.વ.૨૪ રહે. ખામળખા પટેલ ફળીયુંતા.કઠ્ઠીવાડા, જી.અલીરાજપુર (મધ્યપ્રદેશ), ઉદયભાઈ ઉર્ફેઉદેજસંહ છોટીયાજસંહ ઉર્ફે ઠુઠીયા ભીલ(મંડલોઈ) ઉ.વ.૩૭ રહે.કરેલી મહુડી તા.કઠ્ઠીવાડા જી.અલીરાજપુર(મધ્યપ્રદેશ)ને ઝડપી પાડવામાં આવ્યા. વોન્ટેડ ઝડપાયેલ આરોપીઓને લાગતા-વગળતા પોલીસ મથકે મોકલી આપવામાં આવશે.

## ફતેપુરા ખાતે લીગલ સર્વિસ ડેપાન ઈન્ડીયા અંતર્ગત કોર્ટ અને પોલીસ દ્વારા બાઈક રેલી યોજાઈ

દાહોદ,

ફતેપુરા નગર લીગલ સર્વિસ ડેપાન ઈન્ડિયા એવરનેસ પ્રોગ્રામ અંતર્ગત કોર્ટ અને પોલીસ દ્વારા સંયુક્ત બાઈક રેલી યોજવામાં આવી હતી. બાઈક રેલીમાં પ્રિન્સિપાલ સિવિલ જજ એ એ દવે સાહેબ તેમજ પોલીસ કર્મચારીઓ જોડાયા હતા.



બાઈક રેલી કોર્ટ મુકામે થી નીકળી નગરના વિવિધ માર્ગોપર થી પસાર થઈ પોલીસ સ્ટેશન આગળ સમાપન થયું હતું. ફતેપુરાઆજ રોજ તા.૦૯/૧૧/૨૦૨૧ના રોજ "લીગલ સર્વિસ ડે" પાન ઈન્ડિયા અવેરનેસ પ્રોગ્રામ" અંતર્ગત લીગલ સેવાઓના પ્રચાર અર્થે ટી. એલ.એસ.એ., ચેરમેન, એ.એ.દવે સાહેબના વડપણ હેઠળ વકીલ એ.એલ.પારગી વકીલ શબ્બીરભાઈ સુનેલવાલા તથા ફતેપુરા પોલીસ સ્ટાફ અને લીગલ આસિસ્ટન્ટ, ડી. બી. સોલંકી તથા ચિરાગ પારગી, ફતેપુરાનાઓની ટીમ દ્વારા બાઈક રેલી ફતેપુરા ટાઉનના વિવિધ વિસ્તારો, શાક માર્કેટ, બસ સ્ટેશન, ફતેપુરા પોલીસ સ્ટેશન તથા કરોડીયા પુર્વ, વિગેરે સ્થળ પર થી પસાર થઈ હતી અને ડઊખડક્ઊઝ વિતરણ કરવામાં આવ્યું હતું.

## દાહોદના રેલ્વે સ્ટેશન ઉપર મોડી રાત્રે દાઉદી વ્હોરા સમાજના ધર્મગુરૂના દિદાર માટે ઘસારો જોવા મળ્યો

દાહોદ,

દાઉદી વહોરા સમાજના ધર્મગુરૂ ટ્રેન મારફતે સુરત જતા હોવાથી તેમના દિદાર માટે વ્હોરા સમાજના લોકો મોટી સંખ્યામાં દાહોદના રેલ્વે સ્ટેશન ઉપર ઉમટી પડ્યા હતા. દાઉદી વહોરા સમાજના ધર્મગુરૂ સૈયદના આલી કદર મુફદ્દલ સૈફુદ્દીન મોડી રાત્રે ટ્રેન મારફતે મધ્ય પ્રદેશ થી સુરત જવા રવાના થયા હતા. ત્યારે ધર્મગુરૂના દિદાર કરવા માટે દાહોદ રતલામ શહેરના વ્હોરા સમાજના લોકો ભારે ઉત્સુક બન્યા હતા. રતલામ રેલવે સ્ટેશન ઉપર વ્હોરા સમાજના લોકો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. ત્યાં ધર્મ ગુરૂએ કોચના દરવાજા ઉપર આવીને દિદાર માટે આવેલ જનમેદનીને દીદાર આપી લોકોનું અભિવાદન ઝીલ્યું હતું. તે જ રીતે દાહોદ શહેરના વ્હોરા સમાજના લોકો પણ ખૂબ જ મોટી સંખ્યામાં દાહોદના રેલ્વે સ્ટેશન ઉપર પહોંચી ગયા હતા. પરંતુ તે સમય દરમિયાન ગુરૂનો આરામનો સમય હોય અને ટ્રેનનું સ્ટોપેજ માત્ર બે મિનિટનું હોવાથી હાજર જનમેદનીએ તેમના ગુરૂ ના કરી શકી ન હતી અને તેઓને નિરાશા સાંપડી હતી. તેમ છતાં ધર્મગુરૂના દિદાર થશે તેવી આશા સાથે વોરા સમાજના લોકોએ પ્લેટફોર્મ તરફ દોટ મૂકી હતી પરંતુ ધર્મગુરૂના દિદાર થઈ શક્યા ન હતા.

## ઝાલોદ તાલુકામાં ઘરે-ઘરે "નલ સે જલ" યોજનાં અંતર્ગત પીવાનું શુદ્ધ પાણી મળશે




દાહોદ,

ઝાલોદ તાલુકાના તમામ જિલ્લા પંચાયત વિસ્તારમાં "નલ સે જલ" યોજના અંતર્ગત વાસમો પાણીપુરવઠા વિભાગ દ્વારા ખાતમુરત કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં સાંસદ જશવંતસિંહ ભાભોર, જિલ્લા પંચાયત પ્રમુખ શીતલકુમારી વાઘેલા, નિવૃત્ત ડી. આઇ. જી. બી.ડી.વાઘેલા, પુર્વ ધારાસભ્ય મહેશભાઇ ભુરીયાના હસ્તે શુક્રવારે ખાતમુહૂર્ત કાર્યક્રમ યોજાયો હતો. ઝાલોદ તાલુકાના તેમજ અંતરિયાળ વિસ્તારોમાં ગામે ગામ દરેક ઘર સુધી શુદ્ધ પીવાના પાણીની સુવિધા મળી રહે તે અર્થે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર દ્વારા નલ સે જલ યોજના અંતર્ગત યોજના મંજુર કરવામાં આવી છેઅને જેમાં મોટાભાગના ગામોમાં પાઇપ લાઇનની કામગીરી શરૂ પણ કરી દેવામાં આવી છે. હાલમાં નવા વર્ષ નિમિત્તે ઝાલોદ તાલુકાના જિલ્લા પંચાયત વિસ્તારના તમામ જિલ્લા પંચાયત દિઠ વાસમો પાણીપુરવઠા દ્વારા નલ સે જલ યોજના અંતર્ગત કાર્યક્રમનું આયોજન કરાયું છે. સાંસદ જસવંત સિંહ ભાભોર, જિલ્લા પંચાયત પ્રમુખ શીતલબેન વાઘેલા, નિવૃત્ત ડી આઇ જી બી. ડી. વાઘેલા, પુર્વ ધારાસભ્ય મહેશભાઇ ભુરીયા, તાલુકા પંચાયત પ્રમુખ રમેશભાઈ ભાભોર, મહામંત્રી નરેન્દ્રભાઈ સોની, સહીત અનેક કાર્યકર્તા ગ્રામજનો ઉપસ્થિતરહ્યાંહતા.

## દાહોદના મંડાવાવ ગામે સામાન્ય બાબતે પથ્થરો વડે હુમલો કરતાં ફરિયાદ

દાહોદ,

દાહોદ તાલુકાના મંડાવાવ ગામે ચાર ઈસમોએ એકપંસ થઈ એક વ્યક્તિને સામાન્ય બાબતે છુટ્ટા પથ્થરો વડે તેમજ ગડદાપાટ્ટુનો માર મારી શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી ભારે ધિંગાણું મચાવતાં આ સંબંધે પોલીસમાં ફરિયાદ નોંધાવા પામી છે. ગત તા.૧૦મી નવેમ્બરના રોજ મંડાવાવ ગામે પટેલ ફળિયામાં રહેતાં દિનેશભાઈ પારૂભાઈ માવી, સુરેશભાઈ પાંગળાભાઈ માવી, નરેશભાઈ રમસુભાઈ ડામોર અને કરણભાઈ રમણભાઈ ડામોરનાઓએ પોતાના ગામમાં રહેતાં રવસીંગભાઈ મકનાભાઈ મોહનીયાને બેફામ ગાળો બોલી મારી નાંખવાની ધમકીઓ આપી એકદમ ઉશ્કેરાઈ જઈ ચારેય જણાએ ભેગા મળી રવસીંગભાઈને છુટા પથ્થરો વડે તેમજ ગડદાપાટ્ટુનો માર મારી શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે ઈજાઓ પહોંચાડી, લોહીલુહાણ કરી નાસી ભારે ધિંગાણું મચાવતાં આ સંબંધે ઈજાગ્રસ્ત રવસીંગભાઈ મકનાભાઈ મોહનીયાની પત્નિ સબુબેન રવસીંગભાઈ મોહનીયાએ દાહોદ તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.